**સુવિચાર**

જીવનમાં કોણ આવ્યું ને કોણ ગયું એના કરતાં કોણ હજી પણ સાથે ઉભું છે એ વધારે મહત્વનું છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



થોરાળા, કુબલીયાપરા સહિતના વિસ્તારોમાં દેશી દારૂની ભઠ્ઠી અને જુગારના પાટલાના મહિને ૨૦થી ૨૫ હજારનો ભાવ...! P-4

Year-16, Issue-67 ■ DATE : 25-06-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# ગ્રામ પંચાયત ચૂંટણીના પરિણામો જાહેરઃ 'કહી ખુશી કહી ગમ'નો માહોલ

## ગુજરાતની ૪૫૬૪ ગ્રા. પંચાયતના પરિણામો અંગે ઉત્સુકતાઃ તાલુકા મથકો પર મત ગણતરી સ્થળે રાજકીય કાર્યકરો, આગેવાનો અને ગ્રામજનોનો જમેલોઃ ચુસ્ત પોલીસ બંદોબસ્તઃ રીબડા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સત્યજીત જાડેજાનો વિજય



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છ-ગુજરાતના રવિવારે ગ્રામ પંચાયતની ચુંટણી યોજાયા બાદ આજે સવારથી મત ગણતરી હાથ ધરવામાં આવી છે. સવારે ઈવીએમ ખુલતાની સાથે જ વિજેતા જાહેર થવા લાગતા સમર્થકોમાં જશ્નનો માહોલ છે.

કડી અને વિસાવદરની ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ હવે સૌની નજર ગ્રામ પંચાયતના પરિણામ પર પડી છે. બુધવારે ગુજરાતમાં ૪૫૬૪ ગ્રામ પંચાયતોના સરપંચ અને સભ્યોની ચૂંટણીનું પરિણામ જાહેર થવા લાગ્યું છે.

હાલ તમામ ગ્રામ પંચાયતોની ચૂંટણીના પરિણામ માટેની મતગણતરી શરૂ થઈ ચુકી છે. ઉમેદવારો અને તેમના સમર્થકોમાં ભારે ઉત્સાહ છે.

મતગણતરી શાંતિપૂર્વક રીતે અને નિષ્પક્ષ રહે તે માટે તમામ મતગણતરીના કેન્દ્રો પર કડક પોલીસ બંદોબસ્ત સાથે સુરક્ષાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, જેના કારણે કોઈપણ અનિચ્છનીય બનાવને ટાળી શકાય. આ આખી મતગણતરીની પ્રક્રિયા સીસીટીવી કેમરાની દેખરેખ હેઠળ છે.

ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૩૬૫૬ સરપંચ માટે ૮ હજારથી વધુ ઉમેદવાર ચૂંટણી મેદાને છે. જ્યારે૧૬,૨૨૪ સભ્યો માટે ૭૦ હજારથી વધુ દાવેદારો ચૂંટણી લડી રહ્યાં છે. સામાન્ય, મધ્યસત્ર ચૂંટણીમાં કુલ ૭૮.૨૦ ટકા મતદાન નોંધાયુ છે. ૩૦,૪૮,૪૩૪ પુરૂષ અને ૨૮,૦૬,૫૬૧ મહિલા મતદારોએ મતદાનમાં ભાગ લીધો હતો. કુલ મળીને ૮૧ લાખ મતદારો પૈકી ૫૮.૫૬ લાખ મતદાતાઓએ મતદાન કર્યુ હતું. ડાંગમાં સૌથી વધુ ૮૯.૫૪ ટકા જ્યારે પોરબંદરમાં સૌથી ઓછું ૬૬.૭૭ ટકા મતદાન નોંધાયુ હતું. વડોદરાના પાદરા તાલુકાના નરસિંહપુરા સહિત અન્ય બે સ્થળોએ ફરી મતદાન કરવા પણ નક્કી કરાયુ હતું.

ગત વખત કરતાં આ વખતે સમરસ પંચાયતોની સંખ્યા ઓછી થઈ છે. જાતિગત-સ્થાનિક સમીકરણ ઉપરાંત સરપંચને વધુ મળેલી સત્તાને કારણે પંચાયતની ચૂંટણીનો જંગ કશ્મકસભર્યો બની રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, બે હજાર બેઠકો પર ઉમેદવારોએ ઉમેદવારી જ નથી નોંધાવી. કડી અને વિસાવદરની પેટાચૂંટણીને કારણે કડી, જોટાણા, વિસાવદર, જૂનાગઢ વિસ્તારની ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવામાં આવી નથી.

અમદાવાદ જિલ્લામાં વિરમગામમાં જાદવપુરા, શિવપુરા, ચંદ્રનગર, ડુમાણા, કાળીયાણા, થોરીવડગાસ પંચાયત સમરસ થઈ છે જ્યારે ધોલેરામાં આંબલી, કાદીપુર, ગોગલા, પીપળી, સરસલાપરા અને દેત્રોજ-રામપુરાની કાંત્રોડી, જેઠીપુરા પંચાયતો પણ સમરસ જાહેર કરવામાં આવી છે. અમદાવાદ જિલ્લામાં બાવળા, દસક્રોઈ, વિરમગામ, માંડલ, સાણંદ, દેત્રોજ અને ધંધુકા તાલુકાની પંચાયતો માટે ૯ સ્થળો મતગણતરી થશે. કુલ ૨૮ મતગણતરી હોલમાં ૪૨ ટેબલો ગોઠવવામાં આવ્યા છે. કાયદો વ્યવસ્થા જાળવવા ૨૯૭ પોલીસ કર્મચારીઓને તૈનાત કરાયા છે.

રીબડા ગ્રામ પંચાયતની પેટા ચુંટણી વોર્ડ નં.૮માં સત્યજીત જાડેજા અને રક્ષિત ખુંટ ચુંટણી લડી રહ્યા હતા જેમાં સત્યજીત જાડેજા ૧૧૧ અને રક્ષિત ખૂંટ ૩૭ મત મળ્યા સાથે ભવ્ય જીત સત્યજીત જાડેજાની થવા પામી છે.

# ભારતીય શુભાંશુ શુક્લાએ ભરી અંતરિક્ષ ઉડાન, ISS પર જનારા પહેલા ભારતીય બનશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત ફરી એકવાર અંતરિક્ષ ક્ષેત્રે ઈતિહાસ રચવાની તૈયારીમાં છે. ગ્રૂપ કેપ્ટન શુભાંશુ શુક્લા અને અન્ય ત્રણ અંતરિક્ષયાત્રી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન માટે રવાના થઈ ગયા છે. અહીં પહોંચતા જ તેઓ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનની મુલાકાત લેનારા પહેલા ભારતીય બની જશે. આ પહેલા ૩ એપ્રિલ, ૧૯૮૪ના રોજ વિંગ કમાન્ડર રાકેશ વર્મા Soyuz T-11 મિશન હેઠળ અંતરિક્ષમાં ગયા હતા. આમ, શુભાંશુ શુક્લા અંતરિક્ષની મુલાકાત લેનારા રાકેશ વર્મા પછી બીજા ભારતીય હશે.

શુભાંશુ શુક્લા નાસા અને ઈસરોના સંયુક્ત મિશન Axiom-4માં એક પાયલટ તરીકે ફરજ બજાવી રહ્યા




છે. આ સમગ્ર મિશનનું નેતૃત્વ કમાન્ડર પૈગી વ્હિટસન કરી રહ્યા છે. આ ઉપરાંત હંગેરીના અંતરિક્ષ યાત્રી ટિબોર કપુ અને પોલેન્ડના સ્લાવોજ ઉજ્નાન્સ્કી-વિસ્નિવસ્કી પણ આ મિશનમાં સામેલ છે. Axiom-4 બુધવારે ફ્લોરિડા સ્થિત કેનેડી સ્પેસ સેન્ટરના કોમ્પ્લેક્સ 39Aથી રવાના થયું હતું. ૨૮ કલાકની મુસાફરી બાદ આ અંતરિક્ષયાન ગુરુવારે સાંજે ૦૪:૩૦ વાગ્યે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર પહોંચવાની આશા છે.

નોંધનીય છે કે, જો આ મિશન સફળતાપૂર્વક પાર પડશે તો ઈતિહાસમાં પહેલીવાર કોઈ ભારતીય ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર પગ મૂકશે.

Axiom-4 મિશનના લોન્ચ પછી, શુભાંશુ શુક્લાએ અંતરિક્ષમાંથી પહેલો મેસેજ મોકલ્યો છે. જેમાં લખ્યું છે કે, '૪૧ વર્ષ પછી આપણે અંતરિક્ષમાં પાછા પહોંચ્યા છીએ અને તે એક અદ્ભુત સવારી છે. અત્યારે અમે પૃથ્વીની આસપાસ ૭.૫ કિલોમીટર પ્રતિ સેકન્ડની ઝડપે ફરી ર્યા છીએ અને મારા ખભા પર મારો ત્રિરંગો છે.'

# જયારે સ્વ. ઈન્દિરા ગાંધીએ કટોકટી લાદી ત્યારે હું આરએસએસનો પ્રચારક હતોઃ નરેન્દ્ર મોદી

### કટોકટીના ૫૦ વર્ષ પુરા થવા નિમિતે વડાપ્રધાનનું સંબોધનઃ ભાજપે સંવિધાન હત્યા દિવસ તરીકે ઉજવણી કરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં ૧૫ જૂન ૧૯૭૫ના રોજ તત્કાલીન વડાપ્રધાન સ્વ.ઈન્દિરા ગાંધીએ લાદેલી કટોકટીને આજે ભાજપે સંવિધાન હત્યા દિવસ તરીકે ઉજવ્યો છે. આ તકે વડાપ્રધાન મોદીએ પોતાના વિચારો શેર કરતા કહ્યું હતું કે, જયારે દેશમાં કટોકટી લાદવામાં આવેલી ત્યારે હું આરએસએસનો યુવા પ્રચારક હતો.

ઈમરજન્સી વિરુદ્ધ આંદોલન મારા માટે શીખવાનો એક અનુભવ હતો. તેણે આપણા લોકશાહી માળખાને બચાવી રાખવાના મહત્વને ફરીથી પુષ્ટ કર્યું છે. મને ખુશી છે કે બ્લુક્રાફ્ટ ડિઝીટલ ફાઉન્ડેશને એ અનુભવોમાંથી કેટલાકને એક પુસ્તકના રૂપમાં સંકલીત કર્યા છે, જેની



પ્રસ્તાવના એચ.ડી.દેવગૌડાએ લખી છે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે, આજે લોકશાહી ઈતિહાસમાં સૌથી કાળા અધ્યાયોમાનો એક ઈમરજન્સી લાગુ થવાને ૫૦ વર્ષ પુરા થયા છે. ભારતના લોકો આ દિવસને સંવિધાન હત્યા દિવસ તરીકે ઉજવે છે.


આ દિવસે ભારતીય બંધારણમાં નિહિત મૂલ્યોની અવગણના કરાઈ હતી. મૌલિક અધિકારોને સસ્પેન્ડ કરાયા હતા, પ્રેસની સ્વતંત્રતાને ખતમ કરી દેવામાં આવી હતી.

અનેક રાજનીતિક નેતાઓ, સામાજીક કાર્યકર્તાઓ, છાત્રો અને આમ નાગરિકોને જેલમાં ભરવામાં આવ્યા હતા. એવું લાગતું હતું કે એ સમયે સતામાં બેઠેલી કોંગ્રેસ સરકારે લોકશાહીને બંધક બનાવી દીધી હતી.

જે.પી.નડ્ડા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ જણાવ્યું હતું કે ૨૫ જૂન ૧૯૭૫ની અડધી રાત્રે તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ આંતરિક અશાંતિનું બહાનુ બનાવી દેશમાં ઈમરજન્સી થોપી દેશના બંધારણની હત્યા કરી હતી, આજે ૫૦ વર્ષ બાદ પછી પણ કોંગ્રેસ તે માનસિકતા સાથે ચાલી રહી છે, તેની નિયત આજે પણ તેવી જ તાનાશાહી જેવી છે.

અમિત શાહ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઈમરજન્સીને અન્યાય કાળ કહી હતી. ઈમરજન્સીની પરીસ્થિતિ મજબૂરીની નહીં, બલકે તાનાશાહી માનસિકતા અને સતાની ભૂખની ઉપજની હોય છે. ૨૫ જૂન બધાને યાદ અપાવે છે કે કોંગ્રેસ સતા માટે કઈ હદ સુધી જાય છે.

# દિલ્હીની ત્રણ માળની પોલિથીન ફેકટરીમાં ભીષણ આગથી ૩ના મોત



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અત્રે રિઠાલા મેટ્રો સ્ટેશન પાસે મંગળવારે સાંજે એક ત્રણ માળની પોલિથીન ફેકટરીમાં ભીષણ આગ ભભૂકી ઉઠતા ત્રણ લોકોના મોત થયા હતા, જયારે ત્રણ લોકો ઘાયલ થયા હતા.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ પોલીથીનની ફેકટરીમાં આગ લાગતા અફડાતફડી મચી ગઈ હતી. આગના આ બનાવમાં ત્રણ વ્યક્તિના મોત નિપજયા હતા, જયારે ત્રણ ઘાયલ થયા હતા.

ઘટના સ્થળે હાજર અન્ય લોકોએ ભાગીને પોતાનો જીવ બચાવ્યો હતો. ઘટનાસ્થળે પોલીસ અને ફાયરબ્રિગેડની ટીમ પહોંચી ગઈ હતી અને આગને કાબુમાં લીધી હતી, આગ લાગવાનું કારણ બહાર નથી આવ્યું. આગથી ફેકટરીમાં લાખોનો સામાન ખાખ થઈ ગયો હતો. આ મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

# મતદારોએ હવે આપવો પડશે જન્મ સ્થળનો પુરાવો

### ચૂંટણી પંચનો મહત્વનો નિર્ણયઃ બિહારની ચૂંટણીથી પ્રારંભ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશભરમાં મતદાર યાદીમાં ભૂલથી સમાવિષ્ટ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દૂર કરવાના ઉદ્દેશ્યથી ચૂંટણી પંચે એક મોટો નિર્ણય લીધો છે. કમિશને નવા અરજદારો તેમજ હાલના મતદારો (જેઓ ૨૦૦૩-૦૪ માં હાથ ધરવામાં આવેલા છેલ્લા સ્પેશિયલ ડીપ રિવિઝન પછી નોંધાયેલા છે) માટે સ્વ-પ્રમાણિત ઘોષણાપત્ર સબમિટ કરવાનું ફરજિયાત બનાવ્યું છે કે તેઓ ભારતીય નાગરિક છે. આવી સ્થિતિ-માં, મતદારોએ તેમના જન્મ સ્થળનો પુરાવો આપવો પડશે. આ જન્મ દ્વારા અથવા નોંધણી/નેચરલાઈઝેશન દ્વારા કરી શકાય છે, અને આ જન્મ તારીખ અને સ્થળના દસ્તાવેજી પુરાવા અથવા નોંધણી/નેચરલાઈઝેશનના પ્રમાણપત્ર સાથે સાબિત કરવાની જરૂર છે. તેની શરૂઆત બિહારની ચૂંટણીથી થશે. બિહાર માટે આજથી શરૂ થશે. આ વર્ષના અંતમાં બિહારમાં ચૂંટણી યોજાવાની છે.

ચૂંટણી પંચે મંગળવારે એક આદેશમાં જણાવ્યું હતું કે જાન્યુઆરી ૨૦૦૩ માં પ્રકાશિત થયેલ યાદી ડ્રાફ્?ટ યાદી તરીકે સેવા આપશે. બાકીના ભારત માટેનું સમયપત્રક અલગથી યોગ્ય સમયે નક્કી કરવામાં આવશે. આદેશમાં, ચૂંટણી પંચે, લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ ની કલમ ૨૧ હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરીને, મતદાર યાદીઓની અખંડિતતાનું રક્ષણ કરવા માટે તેના બંધારણીય આદેશ (કલમ ૩૨૬ હેઠળ) ના પાલનમાં દેશભરમાં SIR ને આદેશ આપ્યો.

બિહાર મતદાર યાદી ૨૦૦૩ માં સમાવિષ્ટ લોકો પાસેથી મતદાર યાદીમાંથી ઉતારા સિવાય કોઈ દસ્તાવેજો લેવામાં આવશે નહીં. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે EROs ૨૦૦૩ ની મતદાર યાદીને પાત્રતાના અધિકળત પુરાવા તરીકે ગણશે, જેમાં નાગરિકતાની ધારણાનો પણ સમાવેશ થાય છે, સિવાય કે તેમને અન્ય કોઈ ઈનપુટ મળે.મતદાતાએ શું કરવું જોઈએ?

બિહારના અન્ય તમામ મતદારોએ, પહેલાથી ભરેલા ગણતરી ફોર્મ ઉપરાંત, એક ઘોષણા પણ સબમિટ કરવી પડશે કે તેઓ ૧૮ વર્ષથી વધુ ઉંમરના છે અને સંબંધિત વિધાનસભા મતવિસ્તાર/સંસદીય મતવિસ્તાર (AC/PC) ના સામાન્ય રહેવાસી છે. ઉપરાંત, તમારે ૧૧ યોગ્ય દસ્તાવેજો દ્વારા તમારી નાગરિકતાની સ્થિતિ અને પુરાવાની યાદી આપવી પડશે. સબમિટ કરેલા દસ્તાવેજો ચૂંટણી પંચના પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે.

નાગરિકતા અધિનિયમ અને નિયમોની જોગવાઈઓ અનુસાર, નવા અને સ્થળાંતર કરનારા મતદારોએ ઘોષણાપત્રમાં જાહેર કરવું પડશે કે શું તેમનો જન્મ ૧ જુલાઈ, ૧૯૮૭ પહેલા ભારતમાં થયો હતો. આ કિસ્સામાં તેમણે તેમની જન્મ તારીખ અને જન્મ સ્થળ સાબિત કરવા માટે ૧૧ દસ્તાવેજોની યાદીમાંથી પસંદગી કરવાની રહેશે.

જો તેમનો જન્મ ભારતમાં ૧ જુલાઈ, ૧૯૮૭ અને ૨ ડિસેમ્બર, ૨૦૧૨ ની વચ્ચે થયો હોય, તો તેમણે તેમના પિતા કે માતાના લિસ્ટેડ દસ્તાવેજો પણ આપવાના રહેશે. જો



તેઓ ૨ ડિસેમ્બર, ૨૦૦૪ પછી જન્મ્યા હોય, તો તેમણે પોતાની અને તેમના માતાપિતાની જન્મ તારીખ અને સ્થળનો પુરાવો આપવો પડશે. જો માતાપિતામાંથી કોઈ એક બિન-ભારતીય હોય, તો તેમણે તેમના જન્મ સમયે માતાપિતાના માન્ય પાસપોર્ટ અને વિઝાની નકલ પ્રદાન કરવી આવશ્યક છે.

# રશિયાના યુક્રેન પર હુમલામાં ૧૬ લોકોના મોત

**મુખ્ય સમાચાર, મોસ્કો**

યુક્રેનમાં રશિયાએ ડ્રોન, મિસાઈલ અને તોપથી કરેલા હુમલામાં ઓછામાં ઓછા ૧૬ લોકોનાં મોત થયા છે અને ૧૦૦ લોકો ઘાયલ થયા છે તેમ યુક્રેનના અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે હજુ તો ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધવિર-ામ થયું જ છે ત્યાં રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધની સ્થિતિ વકરવા લાગી છે.

બીજી તરફ યુક્રેનના પ્રમુખ ઝેલેન્સકીએ પશ્ચિમી દેશો પાસે સૈન્ય મદદની માંગ કરી છે. તે નેધરલેન્ડના હેગ શહેરમાં નાટો શિખર સંમેલનમાં ભાગ લઈ રહેલા નેતાઓને મળશે. તેમનો ઉદ્દેશ યુક્રેનની સુરક્ષા માટે



ભવિષ્યની સહાયતા સુનિશ્ચિત કરવાનો છે.

મંગળવાર બપોરે રશિયાએ યુક્રેનના ડનિપ્રો શહેર પર બેલેસ્ટિક મિસાઈલથી હુમલો કર્યો હતો. જેમાં સાત નાગરિકોનાં મોત થયા હતાં અને ૭૦થી વધુ લોકો ઘાયલ થયા હતાં.

ડનિપોની પાસે આવેલા સમર શહેરમાં કરવામાં આવેલા હુમલામાં બે લોકોનાં મોત થયા હતાં અને ૯ લોકો ઘાયલ થયા હતાં. ડનિપોના મેયર બોરિસ ફિલાટોવે જણાવ્યું હતું કે આ હુમલામાં ૧૯ સ્કૂલ, ૧૦ કિંડરગાર્ડન, એક સંગીત વિદ્યાલય, એક સામાજિક સેવા કાર્યાલય અને આઠ મેડિકલ સેન્ટરને નુકસાન થયું છે.

ચોથા વર્ષમાં પ્રવેશેલા રશિયા-યુક્રેન યુદ્ધમાં અનેક નાગરિકોને નિશાન બનાવવામાં આવ્યા છે. યુનાઈટેડ નેશન્સના જણાવ્યા અનુસાર યુદ્ધમાં ૧૨૦૦૦ યુક્રેનિયન નાગરિકોનાં મોત થયા છે.

# EDના અમદાવાદ, સુરત, અને મુંબઈમાં દરોડા, ૧૦૦ કરોડ રૂપિયાના સાયબર ફ્રોડનો આરોપ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટ (ઈડી)એ આજે સાયબર ફ્રોડ મારફત લોકો સાથે રૂ. ૧૦૦ કરોડથી વધુની છેતરપિંડી મામલે ગુજરાત અને મહારાષ્ટ્રના વિવિધ સ્થળો પર દરોડા પાડ્યા હતાં. ઈડીની અમદાવાદ ઝોનલ ઓફિસે આજે વહેલી સવારે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ સાયબર ક્રાઈમના આરોપસર અમદાવાદ અને સુરતમાં જુદી જુદી વ્યક્તિઓની ઓફિસ-નિવાસ સ્થાને દરોડા પાડ્યા હતાં. આ સિવાય મહારાષ્ટ્રના મુંબઈમાં પણ




ઈડીએ કાયદેસરની કાર્યવાહી કરી હોવાના અહેવાલ છે.

ગુજરાત પોલીસે મકબુલ ડોક્ટર, કાશિફ ડોક્ટર, બસમ ડોક્ટર, મહેશ મફત-લાલ દેસાઈ અને માઝ અબ્દુલ રહીમ નડા સહિત અન્ય વિરૂદ્ધ સાયબર ફ્રોડની PMLA ફરિયાદ નોંધી હતી. જેના આધારે ઈડીએ દરોડા પાડ્યા હતાં.

અધિકારીઓએ જણાવ્યા પ્રમાણે, USDT ટ્રેડિંગ, ડિજિટલ અરેસ્ટ, કાયદા અમલીકરણ એજન્સીઓ તરફથી બનાવટી નોટિસ જેવી છેતરપિંડી આચરી લોકો પાસેથી રૂ. ૧૦૦ કરોડથી વધુ પડાવ્યા હોવાનો આરોપ છે. સાયબર ફ્રોડના આરોપીઓએ ડમી કેવાયસી ડોક્યુમેન્ટના આધારે બેન્ક એકાઉન્ટ ખોલાવ્યા હતાં. લોકો સાથે છેતરપિંડી કરી આ બેન્ક એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર કરાવ્યા હતાં. બાદમાં હવાલા અને આંગડિયા મારફત આ ગેરકાયદે ફંડને ક્રિપ્ટો કરન્સીમાં તબદીલ કરાવ્યું હતું. જેના માટે તેઓએ વિદેશ રૂ. ૧૦૦ કરોડથી વધુનું ફંડ મોકલ્યું હોવાની આશંકા છે.

# જામનગરમાં પ્રવાસનમંત્રીની અધ્યક્ષતામાં જિલ્લાકક્ષાની બેઠક

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર રાજ્યના પ્રવાસન મંત્રી અને જામનગર જીલ્લાના પ્રભારીમંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષ સ્થાને જામનગર જીલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં જીલ્લા કલેકટર કેતન ઠક્કરની ઉપસ્થિતમાં પ્રવાસન વિભાગની બેઠક યોજવામાં આવી હતી.આ બેઠકમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લાના પ્રવાસન સ્થળોનો વિકાસ, નવા પ્રવાસન સ્થળો વિકસાવવા અંગે તથા હાલ ચાલી રહેલ કામગીરી અને આગામી સમયમાં હાથ ધરવામાં આવનાર આયોજનો અંગે સમીક્ષા કરવામાં આવી હતી.જામનગર જીલ્લાના પ્રવાસન અને ધાર્મિક સ્થળો પર હાલ પર્યટકોની સુવિધામાં વધારો કરવાના હેતુથી વિવિધ વિકાસ કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં સીદસર ઉમિયા માતાજી મંદિર, ભૂચરમોરી શહીદ વન, સપડા ગણપતિ મંદિર,




રણુજા મંદિર, મચ્છુ માતાજી મંદિર, નાથજી દાદા મંદિર, ટપકેશ્વર મહાદેવ મંદિર, જીણાવરી સૂર્યમંદિર, જોડિયા બંદરનો વિકાસ કરવા સહીત પ્રવાસનની દ્રષ્ટિએ મહત્વ ધરાવતા જીલ્લાના સ્થળોનો પર્યટન સ્થળો તરીકે વિકાસ કરવા માટેના આયોજનો અંગે લગત અધિકારીઓએ મંત્રીને માહિતી આપી હતી.

આ ઉપરાંત દેવભૂમિ દ્વારકા જીલ્લાના શિવરાજપુર બીચ, બરડો ડુંગર, તથા હરસિદ્ધિ વન ખાતે પર્યટકો માટે વિવિધ પીકનીક સ્પોટ ઉભા કરવા અંગે તથા વૃક્ષોનું વાવેતર કરી પર્યાવરણનું જતન થાય તે પ્રકારે વન વિભાગના અધિકારીઓ દ્વારા જે કામગીરી થઇ રહી છે.તે અંગે, આગામી સમયમાં હાથ ધરવામાં આવનાર કામો વિષે મંત્રીને વિસ્તુત માહિતી આપવામાં આવી હતી. આ બેઠકમાં મંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યનાં ધાર્મિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક સ્થળોને વધુને વધુ વિકસાવીને ગુજરાતને વૈશ્વિક પ્રવાસન ડેસ્ટિનેશન તરીકે ઓળખ અપાવવાની રાજ્ય સરકારની નેમ છે.જામનગર તથા દ્વારકા જીલ્લામાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થાય તે પ્રકારે પ્રવાસન સ્થળોનો વિકાસ કરી પર્યાવરણની જાળવણી કરવાના હેતુથી વૃક્ષોનું વાવેતર કરી તેનું જતન કરવા અને પર્યટકોની સુવિધાઓમાં વધારો થાય તે પ્રકારે આયોજન હાથ ધરી સમય મર્યાદામાં કામો પૂર્ણ કરવા, નડતરરૂપ દબાણો દુર કરવા તથા હાલારને નવી ઓળખ મળે અને પ્રવાસન સ્થળોને આગવી ઓળખ મળે તે મુજબ કામગીરી કરવા લગત અધિકારીઓને માર્ગદર્શન તથા જરૂરી સૂચનો કર્યા હતા.આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, નિવાસી અધિક કલેકટર બી.એન.ખેર, જામનગર મરીન નેશનલ પાર્ક નાયબ વન સંરક્ષક રવીપ્રસાદ, દેવભૂમિ દ્વારકા સામાજિક વનીકરણના નાયબ વન સંરક્ષક અરુણકુમાર, જામનગર વન વિભાગ નાયબ વન સંરક્ષક રાધિકા પડસાલ, વન વિભાગના અધિકારીઓ, માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં કાર મારફતે ઘુસાડવામાં આવી રહેલો માતબર ઇંગ્લિશ દારૂનો જથ્થો એલસીબીની ટુકડીએ પકડી પાડ્યો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં કાર મારફતે ઈંગ્લીશ દારૂ ઘુસાડવામાં આવી રહ્યો હોવાની બાતમીના આધારે એલસીબીની ટુકડીએ સોયલ ટોલનાકા પાસે વોચ ગોઠવી એક કારમાંથી ૪૦૮ નંગ ઇંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો પકડી પાડ્યો છે, અને કુલ રૂપિયા ૧૧ લાખની માલમતા સાથે એક શખ્સની અટકાયત કરી છે, ઉપરાંત અન્ય બે શખ્સોને ફરાર જાહેર કરાયા છે.

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી, કે સફેદ કલરની એક ક્રેટા કારમાં ઈંગ્લીશ દારૂનો મોટો જથ્થો જામનગરમાં ઘુસાડવામાં આવી રહ્યો છે, તે બાતમીના આધારે



ધ્રોળ તાલુકાના સોયલ ગામ પાસે આવેલા ટોલનાકા નજીક એલસીબીની ટુકડીએ વોચ રાખી હતી. જે વોચ દરમિયાન ગઈકાલે મોડી રાત્રે ત્યાંથી પસાર થઈ રહેલી જી.જે.૧૦ ઇ.સી.૯૮૭૭ નંબરની ક્રેટા કારને અટકાવીને તેની તલાસી લેતા અંદરથી ૪૦૮ નંગ ઇંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો મળી આવ્યો હતો.જે કારમાં બેઠેલા જામનગરના સ્વામિનારાયણ નગર વિસ્તારમાં રહેતા અશોક પ્રતાપભાઈ પરમાર નામના શખ્સની પોલીસે અટકાયત કરી લીધી છે, અને કાર, મોબાઈલ ફોન, અને ઇંગ્લિશ દારૂ સહિત કુલ રૂપિયા ૧૧,૦૯,૭૭૬ ની માલમતા કબજે કરી લીધી છે.

પોલીસની પૂછપરછ દરમિયાન આ દારૂ નો જથ્થો લાવવામાં જામનગરના સાહિલ ફિરોજભાઈ મોદી તેમજ સદામ સફીયા પણ સંડોવાયેલા હોવાથી તે બંનેને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

# ૮ ગુજરાત નેવલ એનસીસી યુનિટના કેડેટ્સ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ૮ ગુજરાત નેવલ એનસીસી યુનિટ જામનગર દ્વારા ખૂબ જ ઉત્સાહ અને દેશભક્તિની ભાવના સાથે ૧૧મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ગુજરાતના અનેક પ્રસિદ્ધ અને વિશિષ્ટ જગ્યાઓએ આશરે ૭૦૦ જેટલા નેવલ એનસીસી કેડેટ્સે ભાગ લીધો હતો. જેમાં રોઝી બંદર, લાખોટા તળાવ, પોલીસ મુખ્યાલય જામનગર, નવલખા મંદિર (દેવભૂમિ દ્વારકા), ભારતીય કોસ્ટ ગાર્ડ સ્ટેશન, વાડીનાર તથા રાજકોટ અને ખામટા ખાતેની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓનો સમાવેશ થાય છે. આ યોગસત્રો જામનગર નાગરિક વહીવટીતંત્ર, જિલ્લા સત્તાવાળાઓ અને ગુજરાત પોર્ટ ટ્રસ્ટ સાથે સંકલનમાં યોજવામાં આવ્યા હતા.

કેડેટ્સે શારીરિક તંદુરસ્તી, માનસિક સ્પષ્ટતા અને આધ્યાત્મિક સુખાકારી માટે યોગના ફાયદાઓને ઉજાગર કરી અનુકરણીય શિસ્ત અને ઉર્જાનું પ્રદર્શન કર્યું. દરેક સ્થળે, કેડેટ્સે એનસીસીના મુખ્ય મૂલ્યો - એકતા, શિસ્ત અને રાષ્ટ્ર નિર્માણ - પ્રત્યે તેમની પ્રતિબદ્ધતા દર્શાવી, જ્યારે સર્વાંગી સ્વાસ્થ્યના મહત્વ વિશે જાગૃતિ ફેલાવી. આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો અને યુવા ભાગીદારી અને રાષ્ટ્રીય ભાવનાનું એક તેજસ્વી ઉદાહરણ બન્યો. આ સામૂહિક પ્રયાસ દ્વારા, NCC ફરી એકવાર યુવા પેઢીમાં સુખાકારી અને સ્વસ્થ જીવનના સંદેશને પ્રોત્સાહન આપવામાં અગ્રણી શક્તિ સાબિત થયું.

# રણજીતસાગરના નીરના વધામણા કરવામાં આવ્યા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરની જીવાદોરી સમાન રણજીતસાગર ડેમે જામ્યુકોની ટીમ દ્વારા નવા નીરના વધામણા. મહાનગરપાલિકાની માલિકીના એક માત્ર ડેમ રણજીતસાગર પ્રથમ ભારે વરસાદને કારણે છલકાઇ ગયો છે. પરિણામે જામનગર શહેરને એક વર્ષ સુધી રણજીતસાગર ડેમમાંથી પાણી મળતુ રહે તેટલી જળરાશિ ઉપલબ્ધ છે.રણજીતસાગર ડેમમાં આવેલ નવા નીરના વધામણા કરવામાં આવ્યા હતા. જેમાં મેયર, અને કોર્પોરેટરો તથા શહેર ભાજપ પ્રમુખ ઉપરાંત મ્યુ.કમિશનર સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા અને કુદરતની આ મહેરબાની બદલ આનંદ વ્યકત કર્યો હતો.

# સેલવાસથી ટ્રકમાં જામનગર આવતો ૪૩ લાખનો દારૂ પારડી હાઈવે પરથી પકડાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પ્લાસ્ટિકના ખાલી ડબ્બાની આડમાં સંતાડેલી દારૂની ૩૫૪ પેટી સાથે ચાલક સહિત ૨ ઝડપાયા જામનગરનો બુટલેગર વસીમ દરજાદા વોન્ટેડ.વાપી, જામનગર પારડીના ખડકી હાઈવે પર લોકલ ક્રાઈમ બ્રાન્ચે સેલવાસથી ટ્રકમાં જામનગર લઈ જવાતો રૂ. ૪૩.૦૩ લાખનો દારૂ જથ્થો જપ્ત કરી ચાલક સહિત ૨ની ધરપકડ કરી હતી. જયારે જામનગરના બુટલેગરને વોન્ટેડ જાહેર કર્યો છે. પ્લાસ્ટિકના ખાલી ડબ્બાના જથ્થાની આડમાં દારૂની ૩૫૪ નંગ પેટીઓ સંતાડવામાં આવી હતી.વલસાડ જીલ્લાના લાકલ ક્રાઈમ બ્રાન્ચના પો.કો.તેજપાલસિંહ સિસોદીયા અને હિતેશ ચાવડાને મળેલી બાતમીના આધારે ટીમે સોમવારે પારડીના ખડકી હાઈવે પર રામદેવ ધાબા નજીક વોચ ગોઠવી હતી. દરમિયાન સુરત તરફ જઈ રહેલી બાતમી મુજબની ટ્રક (નં.જીજે-૩૨-ટી-૫૩૫૩) અટકાવી ચાલક આશિફ કાસમભાઈ જોખીયાની પૂછપરછ કરતા ટ્રકમાં પ્લાસ્ટિકના ખાલી ડબ્બાનો જથ્થો ભરેલો હોવાનું જણાવ્યું હતું. જોકે, બાતમી પાક્કી હોવાથી પોલીસે તપાસ કરતા ટ્રકના આગળના ભાગે ખાલી પ્લાસ્ટિકના ડબ્બાનો જથ્થો અને પાછળના ભાગે સંતાડેલી ૩૫૪ નંગ દારૂની પેટીઓ મળી આવી હતી. પોલીસે.પ્લાસ્ટિકના ડબ્બાનો જથ્થો અને દારૂની પેટીઓ ઉતારી હાથ ધરેલી ગણતરીના અંતે રૂ. ૪૩.૦૩ લાખનો દારૂ અને ટ્રક મળી કુલ રૂ. ૫૩.૦૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ચાલક આશિફ જોખીયા (ઉ.વ. ૩૨) અને ક્લિનર રઈશ હનીફ બલોચ (ઉ.વ. ૩૪) (બંને રહે. જામનગર)ની ધરપકડ કરી હતી. બંનેની પૂછપરછ કરતા પાંચ દિવસ અગાઉ જામનગર ખાતે રહેતા વસીમ યુસુફ દરજાદાએ ફોન કરી સેલવા-સથી ટ્રકમાં દારૂ ભરી જામનગર લાવવાનું જણાવી એક ટ્રીપના રૂ. ૨૦,૦૦૦ આપવા જણાવ્યું હતું. ચાલક અને ક્લિનર ટ્રક લઈ સેલવાસ પહોંચી દારૂ ભરી જથ્થો જામનગર લઈ જવાતો હોવાનું જણાવ્યું હતું. પારડી પોલીસે પ્રોહિબિશનનો ગુનો નોંધી જામનગરના બુટલેગર વસીમ દરજાદાને વોન્ટેડ જાહેર કર્યો છે.

# શક્તિ મંદિર હળવદ ખાતે શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીની ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું





**મુખ્ય સમાચાર, હળવદ**
**અહેવાલ - રમેશ ઠાકોર**

શંકરાચાર્યજીનું શક્તિ મંદિરે ઢોલ નગારા સાથે અને રાજપુતી પરંપરા મુજબ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું ત્યાર બાદ માં શક્તિ અને હલાદીનાથ મહાદેવ નું પૂજન અર્ચન અને દર્શન બાદ હળવદ શહેર નો પાયો જે હળ થી ખોદાયો તેના દર્શન અને માહિતગાર કરવામાં આવ્યા ત્યાર બાદ તેમનું ક્ષત્રિય સમાજ દ્વારા રાજપુતી રીત થી પાઘડી અને તલવાર આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથેજ દ્વારકા મંદિર નો જીર્ણોધાર કરાવનાર અને મંદિર ના શિખર પર શક્તિ માં ની સ્થાપના કરનાર ૫માં ઝલ્લેશ્વર અર્જુનદેવજી (દ્વારકાદાસજી) નું પેઈન્ટિંગ અને શક્તિ માં ની સ્થાપના નો ઈતિહાસ પૂરો પાડતી પુષ્તિકા અર્પણ કરવામાં આવી હતી.

શંકરાચાર્યને તથા સમાજને ઝલ્લ મખવાન પરંપરા અને શંકરાચાર્યની પરંપરા ને હજારો વર્ષોના સબંધ છે તે વાત થી માહિતગાર કરવામાં આવ્યા હતા

જગતગુરુજી એ દિવ્ય સત્સંગથી ક્ષત્રિય ધર્મ અને કર્મ વિશે અને ક્ષત્રિય ની પરંપરા અને તેના જન્મ જાત ગુણો વિષે વિસ્તૃત ધાર્મિક માહિતી આપી પ્રવચન થી ધન્ય કર્યા હતા.

આ સભામાં હળવદ શહેર તથા ગ્રામ્યના ક્ષત્રિય સમાજના આગેવાનો, માતાઓ બહેનો મોટી સંખ્યા ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાના ઉંદરી ગામે અકસ્માતમાં ૭ વર્ષના બાળકનું મોતઃ પરિવારમાં શોકની લાગણી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ઉના તાલુકાના ઉંદરી ગામે બે બાઈક સામસામે અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ૭ વર્ષના બાળક આયુષ વીરજી બકિયાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.પ્રાપ્ત માહિતી અનુસાર, મોટા ડેસરના મનસુખ મેણશી બકિયા (ઉં.૩૫) તેમના ભત્રીજા આયુષ વીરજી બકિયા સાથે બાઈક પર જઈ રહ્યા હતા. ત્યારે સામેથી આવી રહેલા

અમરેલીના એક દંપત્તિના બાઈક સાથે તેમની ટક્કર થઈ હતી.આ અકસ્માતમાં આયુષ વીરજી બકિયાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે મનસુખ મેણશી બકિયાને ગંભીર ઈજાઓ થતાં તેમને ઉનાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ રીફર કરવામાં આવ્યા હતા. અકસ્માતમાં સામેના બાઈક પર સવાર અમરેલીના દંપત્તિને પણ ઈજાઓ થઈ હોવાનું જાણવા મળ્યું છે.

# જામનગરમાં ITI પ્રવેશ માટેની ઓનલાઈન પ્રક્રિયા શરૂ; 30 જૂન સુધીમાં ફોર્મ ભરવાનું રહેશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) જામનગર ૧૯૫૭ થી યુવાનોને કૌશલ્ય નિર્માણ દ્વારા રોજગારીની ઉત્તમ તકો પૂરી પાડવામાં અગ્રેસર રહી છે. અહીં, તાલીમાર્થીઓને ઉદ્યોગોની માંગ અને તેમની રુચિ અનુસાર વ્યવસાયિક તાલીમ આપીને કુશળ કારીગરો બનાવવામાં આવે છે. ITI જામનગર સરેરાશ દર વર્ષે ૭૦% કે તેથી વધુ તાલીમાર્થીઓને પ્લેસમેન્ટ અને એપ્રેન્ટિસશીપ દ્વારા રોજગારી મેળવવામાં મદદ કરે છે, જે તેમની ઉજ્જ્વળ કારકિર્દી માટે મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડે છે. ૧૮ એકરના વિશાળ કેમ્પસમાં ફેલાયેલી આ સંસ્થા ૩૦ થી વધુ ટ્રેડ્સ માટે આધુનિક પ્રેક્ટિકલ તાલીમી સુવિધાઓ ધરાવતા સુસજ્જ વર્કશોપ્સ ધરાવે છે. અહીં વિવિધ ક્ષેત્રોના વિષય નિષ્ણાત પ્રશિક્ષકોની અનુભવી ટીમ છે, જે વિદ્યાર્થીઓને ઉદ્યોગની જરૂરિયાતો મુજબ શ્રેષ્ઠ કૌશલ્ય પ્રદાન કરે છે. ITI જામનગર માં પ્રવેશ ૨૦૨૫ માટેની ઓનલાઈન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. વિદ્યાર્થીઓને પ્રવેશ ફોર્મ ભરવ-ામાં સરળતા રહે અને કારકિર્દી સંબંધિત માર્ગદર્શન મળી રહે તે માટેન ITI જામનગર ખાતે એડમિશન હેલ્પ સેન્ટર કાર્યરત છે.જેનો રૂબરૂ સંપર્ક કરી મદદ મેળવી શકાશે. આ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓના પ્રવેશ સંબંધિત પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ કરવામાં આવે છે.

# સીટી બસના ચાલકની વધુ એક બેદરકારી અને દાદાગીરીઃ બેફામ સ્પીડે ચાલતા મુસાફર વૃદ્ધાને કમરમાં ઈજા, અધવચ્ચે ઉતારી દીધા

## બસના ચાલકે મુસાફરોના જીવ અધ્ધર કર્યા; ઈજાગ્રસ્ત વૃધ્ધાને સારવાર માટે ખસેડવાને બદલે રસ્તે રઝળાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અવારનવાર વિવાદમાં આવતી સિટી બસ વધુ એક વખત વિવાદમાં આવી છે. રાજકોટનાં ત્રિકોણબાગથી શાપર-વેરાવળ જતી ૧૧ નંબરની સિટી બસના ચાલકે ગોંડલ રોડ પર બેફામ ગતિએ બસ દોડાવતાં બસમાં બેઠેલા મુસાફરોના જીવ અધ્ધર થઈ ગયા હતાં. બસના ચાલકે પુરપાટ ઝડપે બસ દોડાવી ગોંડલ રોડ પર એક ખાડામાં રોદો લેતાં પાછળ બેઠેલા ૬૦ વર્ષના વૃધ્ધામાં કમરમાં ગંભીર ઈજા થઈ હતી અને તેમને સારવારમાં ખસેડવાની વ્યવસ્થા કરવાના બદલે રસ્તા વચ્ચે ઉતારી બસનો ચાલક ફરાર થઈ ગયો હતો. આ ઘટનામાં ઈજાગ્રસ્ત વૃધ્ધાને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં



આવ્યા છે. વૃધ્ધાના પરિવારજનો આ મામલે પોલીસ ફરિયાદ માટે તજવીજ કરી રહ્યાં છે.

શાપર વેરાવળમાં રહેતા દેવીબેન વેજાભાઈ સોલંકી (ઉ.આ.૬૦) આજે સવારે પોતાની દીકરીને ત્યાં ભગવતીપરામાં આવ્યા હતાં અને ત્યાંથી પરત શાપર-વેરાવળ જવા માટે ત્રિકોણબાગથી સિટી બસમાં બેઠા હતાં. ત્રિકોણબાગથી શાપર વેરાવળ જતી. ૧૧ નંબરની સિટીબસના છેલ્લી સિટમાં બેઠેલા દેવીબેન સહિતના મુસાફરોના જીવ અધ્ધર થઈ ગયા હતાં. જ્યારે ત્રિકોણબાગથી ઉપડેલી સિટી બસના ચાલકે બેફામ સ્પીડ બસ ચલાવી હતી. બસ ગોંડલ રોડ ઉપર એક ખાડામાંથી પસાર કરવામાં આવતાં રોદો આવ્યો હતો. જેના કારણે પાછળ બેઠેલા મુસાફરો ઉલળ્યા હતાં. જેમાં દેવીબેન બસની પાછળની સીટમાંથી પડી જતાં તેમને કમરના ભાગે ગંભીર ઈજા થઈ હતી. મુસ-ાફરોએ બસના ચાલકને બસ ઉભી રાખી દેવીબેનને સારવાર માટે ખસેડવાની વ્યવસ્થા કરવા જણાવ્યું ત્રિકોણબાગથી શાપર વેરાવળ જતી ૧૧ નંબરની સિટી બસના ચાલક અને કંડકટરે માનવતા નેવે મુકી દેવીબેનને સારવાર માટે ખસેડવાની વ્યવસ્થા કરવાના બદલે રસ્તે રઝળાવી બસની નીચે ઉતારી મુકી બસ ત્યાંથી હંકારી મુકી હતી. અંતે બસમાં બેઠેલા મુસાફરોમાંથી કેટલાક મુસાફરોએ મદદ કરી દેવીબેનના પરિવારને જાણ કરી તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડયા હતાં. દેવીબેન સોલંકીના પરિવારે આ મામલે બેદરકાર સિટી બસના ચાલક સામે કાર્યવાહી કરવા પોલીસ ફરિયાદ માટેની તૈયારી કરી છે.

# સિક્કામાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી પર એલસીબીનો દરોડોઃ એક ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સિક્કા ગામમાં સ્મશાન જવાના રસ્તા પર એક શખ્સ દ્વારા સંચાલિત દેશી દારૂની ભઠ્ઠી પર એલસીબીએ દરોડો પાડી તૈયાર દારૂ, ૯૦૦ લીટર આથો, ભઠ્ઠીના સાધનો કબજે કર્યા છે.જામનગર તાલુકાના સિક્કામાં સ્મશાન જવાના રસ્તા પર દેશી દારૂની ભઠ્ઠી ધમધમી રહી હોવાની બાતમી પરથી એલસીબીના સ્ટાફે દરોડો પાડ્યો હતો.તે સ્થળેથી સિક્કાના નવા હાઉસીંગ બોર્ડમાં વસવાટ કરતા ધર્મેન્દ્રસિંહ પોલુભા જાડેજા નામના શખ્સની દેશી દારૂની ભઠ્ઠી મળી આવી હતી. તે સ્થળેથી દારૂના આથાના ભરેલા છ બેરલ મળી આવ્યા હતા. એલસીબીએ ૪૦ લીટર તૈયાર દારૂ, ૯૦૦ લીટર આથો, ગેસના બે બાટલા સહિતનો સામાન કબજે કરી ધર્મેન્દ્રસિંહની અટકાયત કરી છે અને તેની સામે સિક્કા પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજીસ્ટર કરાવ્યો છે.


# શહેરમાં મહિલા સહિત પાંચ બૂટલેગરોના વીજજોડાણ કટ, એક મકાન ઉપર ફર્યું બુલડોઝર

## પોલીસની કાર્યવાહીથી અસામાજિક તત્ત્વોમાં ફફડાટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોલીસ કિમશનર બ્રિજેશકુમાર ઝાની સુચના અને માર્ગદર્શન હેઠળ શહેરમાં અસામાજિક તત્ત્વો પર અંકુશ લાવવાના ગુનેગારો ના ગેરકાયદેસર મકાન પર બુલડોઝર ફેરવી તોડી પડાયા બાદ પ્ર.નગર પોલીસે જંક્શન અને પોપટપરા વિસ્તારમાં રહેતી મહિલા સહિત પાંચ બૂટલેગરના મકાનનું વીજજોડાણ કાપી નાખવાની કાર્યવાહી કરી હતી.તેમજ એ ડીવીઝન પોલીસે મારામારી અને ધમકીના ગુનામાં પકડાયેલા આરોપીના ગેરકાયદે મકાન ઉપર બુલડોઝર ફેરવી દીધું હતું.

રાજકોટ પોલીસે ગુનેગારો અને અસામાજિક તત્ત્વોની યાદી તૈયાર કરી હોય જેમાં શહેરના ૭૪૦ જેટલા ગુનેગારોના ગેરકાયદેસર મકાન અને મિલકત અંગે મહાનગરપાલિકા અને પીજીવીસીએલ દ્વારા તેમના ગેરકાયદે વીજ કનેક્શન અંગે સર્વે કર્યા બાદ આવા ગુનેગારો અને અસામાજિક



તત્વોની ગેરકાયદેસર મિલકત ઉપર બુલડોઝર ફેરવી દેવાના આદેશથી જંગલેશ્વર, પોપટપરા, રૈયા રોડ, કોઠારિયા રોડ સહિતના વિસ્તારોમાં પોલીસે લિસ્ટેડ અસામાજિક તત્ત્વોના મકાનો પર બુલડોઝર ફેરવી દીધા હતા.

આ ઝુંબેશ દરમિયાન પ્ર. નગર પોલીસ સ્ટેશનના પીઆઈ વી.વી.વસાવાએ નામચીન બુટલેગરો ના ગેરકાયદેસર વીજ કનેક્શન બાબતે પીજીવીસીએલને રિપોર્ટ કરી તેની ટીમને સાથે રાખી વિસ્તારમાં પહોંચતા લોકોના ટોળાં એકઠા થયા હતા. પોલીસે રેલનગર, રૂખડિયાપરા, કિટીપરા સહિતના વિસ્તારોમાં રહેતી મહિલા બૂટલેગર જયોત્સના બિપીનભાઈ કરવરિયા, સુલેમાન ઉર્ફે ડાડો અબ્દુલભાઈ પલેજા, નિલેશ બચુભાઈ ધામેચા, પરેશ રમેશભાઈ ઝાલા અને અર્જુન ઉમેશભાઈ ભોણિયાના મકાનના વીજકનેક્શન કાપી નાખી વિશેષ કાર્યવાહી કરી છે.

જયારે એ ડીવીઝન પોલીસ સ્ટેશન હસ્તકના ગુનેગારો ઉપર ઘોંસ બોલાવવામાં આવી હતી એ ડીવીઝનના પીઆઈ બી.વી.બોરીસાગર અને ટીમે હરિહર ચોક પાસે આવેલ દાતાર બાપુની દરગાહ પાસે ગેરકાયદે બાંધકામ કરી રહેતા સમીર દિલાવરભાઈ લિંગડીયાના જે અગાઉ કોન્ટ્રાકટરને મારમારી જાનથી મારી નાખવાના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકયો હોય તેની સામે પોલીસે કાર્યવાહી કરી ગેરકાયદે ખડકી દિધેલા મકાન પર પોલીસે બુલડોઝર ફેરવી દઈ નાશ કરી સરકારી જગ્યા ખુલ્લી કરાવી હતી.

# કેશરીહિંદ પુલ નીચેથી મૃતદેહ મળતા ચકચાર



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરનાં કેશરીહિંદ પુલ નીચેથી અજાણ્યા પુરૂષથી લાશ મળી આવતા આજુબાજુનાં એકઠા થઈ ગયા હતા અને પોલીસને જાણ કરતા બી ડિવીઝન પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. અજાણ્યા પુરૂષનુ મોત પાણીમા ડુબી જવાથી કે હાર્ટ એટેકથી થયાનાં અનુમાનથી મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવીલ હોસ્પીટલ ખસેડવામા આવ્યો છે. તેમજ મૃતકની ઓળખ મેળવવા માટે આજુબાજુનાં વિસ્તારમા રહેતા લોકોને મૃતકનેર્નો ફોટો બતાવી માહીતી મેળવાય રહી હોવાનુ હાલ જાણવા મળી રહયુ છે.

# જામજોધપુર અનુસુચિત જાતિના ઉપપ્રમુખ રમેશભાઈ મકવાણાનો આજે જન્મદિવસ



**મુખ્ય સમાચાર, જામજોધપુર**

જામજોધપુર શહેર અનુસુચિત જાતિના ઉપપ્રમુખ રમેશભાઈ મકવાણાનો આજે જન્મદિવસ છે. તા.૨૫-૦૬-૧૯૭૧ના રોજ જન્મેલા રમેશભાઈ આજે સફળ જીવનના ૫૩ વર્ષ પૂર્ણ કરી ૫૪ માં વર્ષમાં પ્રવેશ કરેલ છે. રમેશભાઈ અનેક સામાજીક પ્રવૃતિઓ સાથે સંકળાયેલા છે. તેમના જન્મદિવસ નિમિતે વિજયભાઈ બગડા પત્રકાર જામજોધપુર તથા મુખ્ય સમાચાર પરિવાર શુભેચ્છા પાઠવે છે. તેમના મો. નં. ૮૧૪૦૭ ૭૦૩૦૮ છે.

''વીજ બચત એ જ વીજ ઉત્પાદન''

# વીજ બચત માટે માર્ગ અને મકાન વિભાગની અનોખી પહેલ

## જિલ્લામાં સરકારી-અર્ધસરકારી કચેરીઓ સહિત ૨૦૦ સ્થળોએ ત્રણ હજારથી વધુ પોસ્ટર્સ લગાવી વીજ બચત માટે સંદેશો પાઠવતા ૨૦ કર્મયોગીઓ

**મુખ્ય સમાચાર, રાજકોટ**
**આલેખન: રિધ્ધિ ત્રિવેદી**

ગ્લોબલ વોર્મિંગના કારણે પૃથ્વી પરના તાપમાનમાં દિન પ્રતિદિન વધારો થઇ રહ્યો છે, જેના લીધે વીજળીની માંગ અને તેનો વપરાશ વધ્યો છે. વિશ્વભરમાં વીજળીનો બિન જરૂરી વપરાશ ઘટાડવા માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. જેમાં ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના વિદ્યુત શાખા દ્વારા એક નવતર પહેલ હાથ ધરવામાં આવી છે. જે અન્વયે ''વીજ બચત એ જ વીજ ઉત્પાદન'' સૂત્રના માધ્યમથી લોક સંદેશો આપતા પોસ્ટર્સ તૈયાર કરવામાં આવ્યા છે.

માર્ગ અને મકાન વિભાગના વિદ્યુત પેટા શાખાના ૨૦ કર્મયોગીઓ દ્વારા વીજળી બચાવવા સંદર્ભે રાજકોટ જિલ્લાની સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓ, હોસ્ટેલ, જાહેર સ્થળો, કોલેજ, હોસ્પિટલ સહિતના ૨૦૦થી વધુ સ્થળો પર



૩૦૦૦ જેટલા વીજ બચતના પોસ્ટર્સ લગાવવામાં આવ્યા છે. આ ઉમદા કામગીરીમાં માર્ગ અને મકાન વિભાગના વિદ્યુત પેટા શાખા, રાજકોટના નાયબ કાર્યપાલક ઈજનેર મિહિર ચાવડાની અને મદદનીશ ઈજનેર યશરાજસિંહ ગોહિલની સૂચના અનુસાર વિદ્યુત પેટા શાખા વિભાગના ઈલેક્ટ્રિક ટેકનીશીયન કેતનભાઈ કણઝારીયા, કપિલભાઈ ભટ્ટી, સમીર બેલીમ સહિતના અન્ય ૧૭ કર્મીઓ જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લાની સ્થાનિક કચેરીઓમાં અધિકારી અને કમર્ચારીઓની નજરમાં આવે તેવી રીતે, દરવાજા પર, સ્વીચ બોર્ડની પાસે, કમ્પ્યુટર, એ.સી., લાઈટ, પંખાના વપરાશની જગ્યાઓ પર વીજળીની બચત કરવા માટે રંગબેરંગી વિવિધ લખાણોના પોસ્ટર્સ લગાવવામાં આવ્યા છે. પોસ્ટર્સમાં ''વીજ બચત એ જ વીજ ઉત્પાદન''ના સૂત્ર સાથે જણાવવામાં આવ્યું છે કે, લાઈટ અને પંખા બંધ રાખવા, કમ્પ્યુટરનું કામ ન હોય ત્યારે તેને બંધ કરવું, કચેરી રૂમમાં કે સભાખંડમાં અધિકારીશ્રી અને કમર્ચારીશ્રીઓની હાજરી ન હોય ત્યારે એ.સી. બંધ રાખવા, વોટર કૂલર જરૂર ન હોય ત્યારે બંધ રાખવું સહિતના પોસ્ટર્સ વીજ બચત થાય તેનો સંદેશ આપે છે. આ ઉપરાંત, કર્મયોગીઓએ શક્ય હોય તો લીફ્ટનો ઉપયોગ ટાળી પગથીયાંનો ઉપયોગ કરવો જેનાથી વીજળીની બચત સાથે સ્વાસ્થ્ય પણ જળવાઈ છે.

# તુવેરમાં વિવિધ રોગ સામે પાકની કાળજી રાખવા ખેડૂતો માટે માર્ગદર્શિકા જાહેર કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તુવેરના પાકમાં જોવા મળતા વિવિધ રોગોના સંકલિત વ્યવસ્થાપન માટે પગલાં લેવા ખેડૂતો માટે માર્ગદર્શિકા જાહેર કરાઈ છે. તુવેરમાં સુકારો, મૂળ અને થડનો કોહવારો, વંધ્યત્વ રોગના સંકલિત વ્યવસ્થાપન માટે ખેડૂતોએ વાવણી પહેલા અને વાવણી સમયે શું પગલાં લેવા તે અંગે જુનાગઢ અને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા માર્ગદર્શન અપાયું છે.

જે મુજબ વાવણી માટે રોગમુક્ત બીજ અને ખેતરની પસંદગી કરવી, જ્યાં પાણી ભરાતું હોય ત્યાં વાવેતર કરવું નહિ, તુવેરમાં વંધ્યત્વનો રોગ અટકાવવા માટે આગળના વર્ષના છોડ જો શેઢાપાળા પર કે ખેતરમાં રહી ગયેલા હોય તો તેને દૂર કરવાં. તેમજ તુવેરમાં બડધાં પાક લેવો નહિ.



દર ત્રણ વર્ષે દિવેલા કે જુવાર પાકની સાથે પાક ફેરબદલી કરવી. તુવેરના પાકમાં મકાઈને આંતરપાક તરીકે લેવાથી સુકારો રોગ પર નિયંત્રણ મેળવી શકાય છે.

દિવેલીનો ખોળ ૧૦૦૦ કિ.ગ્રા. પ્રતિ હેક્ટર વાવેતર પહેલાં જમીનમાં આપવો. જમીનની તૈયારી વખતે ૧૦ ટન પ્રેસમડ અથવા ટ્રાયકોડર્મા હરજીયાનમ ફૂગની વૃદ્ધિ કરેલ હોય તેવું છાણિયું ખાતર ૨. ટન પ્રતિ હેક્ટર મુજબ ચાસમાં આપવું.

રોગ સામે પ્રતિકારકતા ધરાવતી જાતો જેવી કે જી.જે.પી.-૧, બી.ડી.એન.-૨, વૈશાલી તેમજ આઈ.સી.પી.એલ. ૮૭૧૧૯ જેવી જાતો વાવેતર કરવું.

જૈવિક પધ્ધતિથી બીજ માવજત માટે ૪ ગ્રામ ટ્રાયકોડરમાં હરજીનીયમ અને ૨ ગ્રામ વાઈટાવેક્ષ પ્રતિ કી.ગ્રા. બીજ મુજબ બીજ માવજત આપવી.

બીજ માવજત તરીકે કાર્બેન્ડાઝીમ ૧ ગ્રામ કે થાયરમ ૨ ગ્રામ પ્રતિ કિ.ગ્રા, અને ટ્રાયકોડર્મા વીરડી ૨.૫ કિ.ગ્રા. ને ૨૫૦ કિ.ગ્રા. એરંડીનો ખોળ અથવા છાણીયા ખાતરમાં ભેળવી વાવણી વખતે ચાસમાં આપવું.

તુવેરમાં વંધ્યત્વ રોગના નિયંત્રણ માટે પાકની સમયસર વાવણી કરવી તેમજ બે હાર વચ્ચે ૩૦ થી ૪૦ સે.મી.નું અંતર રાખવું.

વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ/ જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ આપવા અનુરોધ કરાયો છે.

આ અંગે વધુ જાણકારી સંબંધિત વિસ્તારના ગ્રામસેવક /વિસ્તરણ અધિકારી/ ખેતી અધિકારી/ તાલુકા અમલીકરણ અધિકારી/ મદદનીશ ખેતી નિયામક/ જિલ્લા ખેતીવાડી અધિકારી/ નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)/ નાયબ ખેતી નિયામક (તાલીમ) નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા જણાવાયું છે.

# મુંજકામાં વોકળા પર બોક્સ કલવર્ટ-બ્રિજના કામ અંગે ડાઈવર્ઝન જાહેર કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વોર્ડ-૦૯માં મુંજકા પોલીસ ચોકીથી આગળ વોકળા પર બોક્સ કલવર્ટ તથા આર્ષ વિદ્યામંદિર પાસે વોકળા પર બ્રિજ બનાવવાની કામગીરી રાજકોટ મહાનગર પાલિકા દ્વારા કરવામાં આવી રહી છે. આ કામગીરી ઝડપથી પૂર્ણ કરવાની હોવાથી શહેર પોલીસ દ્વારા આ રૂટ પરથી પસાર થતા વાહનો માટે ડાઈવર્ઝન જાહેર કરવામાં આવ્યું છે.

રાજકોટ શહેર ઈન્ચાર્જ પોલીસ કમિશનર શ્રી મહેન્દ્ર બગડીયા દ્વારા જારી કરાયેલી યાદીમાં જણાવાયું છે કે, બ્રિજ નં-૧ એટલે કે મુંજકા પોલીસ ચોકીથી આગળ વોકળા પર બોક્સનું કામ ચાલુ હોવાથી બે વૈકલ્પિક ડાઈવર્ઝન જાહેર કરાયા છે. વિકલ્પ-૧ મુજબ નવા ૧૫૦ ફૂટ રીંગરોડ-૨ પરથી યુનિવર્સિટી રોડ તરફ જવા માટે મુંજકા મેઈન રોડ, હરસિદ્ધિ માતાજી મંદિર-રામાપીર મંદિર - મુંજકા ગામની શેરીઓમાં થઈને યુનિવર્સિટી રોડ તરફ જઈ શકાશે. તેમજ યુનિવર્સિટી રોડ પરથી નવા ૧૫૦ ફૂટ રિંગરોડ-૨ પર જવા મુંજકા ગામની શેરીઓમાં થઈને રામાપીર મંદિર -હરસિદ્ધિ મંદિર રોડ - મુંજકા મેઈન રોડથી નવા ૧૫૦ ફૂટ રિંગરોડ-૨ તરફ જઈ શકાશે.

વિકલ્પ-૦૨ મુજબ, નવા ૧૫૦ ફૂટ રિંગરોડ પરથી યુનિ. રોડ તરફ જવા માટે મુંજકા મેઈન રોડ - હરસિદ્ધિ મંદિર - રામાપીર મંદિર પાસે શેરી નં.૧૫ મુંજકા મેઈન રોડ તરફ, યુનિ. રોડ પરથી નવા ૧૫૦ ફૂટ રિંગરોડ-૨ પર જવા મુંજકા ગામની શેરીઓમાં થઈ રામાપીર મંદિર - હરસિદ્ધિ મંદિર, મુંજકા મેઈન રોડથી નવા ૧૫૦ ફૂટ રિંગરોડ-૨ તરફ જઈ શકાશે.

બ્રિજ નં.૨ એટલે કે મુંજકા આર્ષ વિદ્યામંદિર સામેના વોકળા પર બ્રિજનું કામ ચાલુ હોવાથી એક વૈકલ્પિક રૂટ જાહેર કરાયો છે. જે મુજબ, નવા ૧૫૦ ફૂટ રિંગરોડ પરથી ટીટોડિયા પરા જવા માટે તેમજ ટીટોડિયા પરાથી નવા ૧૫૦ ફૂટ રિંગરોડ તરફ જવા માટે રૂટ નંબર-૧ મુજબ જઈ શકાશે અને યુનિ. રોડ પરથી નવા ૧૫૦ ફૂટ રિંગરોડ પર જવા માટે મુંજકા ગામની શેરીઓમાં થઈને રામાપીર મંદિર, હરસિદ્ધિ મંદિર, મુંજકા મેઈન રોડથી નવા ૧૫૦ ફૂટ રિંગરોડ તરફ જઈ શકાશે. આ હુકમનો ભંગ કરનારા વાહનચાલકો સજાને પાત્ર ઠરશે.

# રાજકોટ જિલ્લામાં ૨૫થી ૨૯ જૂન દરમિયાન છૂટાછવાયા ભારે વરસાદની શક્યતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ૨૫ થી ૨૯ જૂન દરમિયાન છૂટાછવાયા ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

ભારત સરકારના હવામાન ખાતા તરફથી મળેલી હવામાન માહિતી અનુસાર જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના ગ્રામીણ કૃષિ મોસમ સેવા વિભાગ, તરઘડીયા દ્વારા આગાહી કરવામાં આવી છે કે, રાજકોટ જિલ્લામાં ૨૫મી ૨૯ જૂન સુધીમાં ભેજવાળું અને વાદળછાયું હવામાન રહેવાની શક્યતા છે.

આ સમયગાળામાં દિવસ દરમિયાન તાપમાન ૩૨થી ૩૪ ડિગ્રી જ્યારે રાત્રિ તાપમાન ૨૫-૨૬ ડિગ્રી જેટલું રહેવાની સંભાવના છે. જ્યારે મહત્તમ ભેજનું પ્રમાણ ૯૦-૯૦ ટકા તથા લઘુતમ ભેજનું પ્રમાણ ૮૦-૮૫ ટકા રહી શકે છે. પવનની દિશા નૈઋત્યની રહેવાની અને પવનની ઝડપ ૧૩થી ૨૧ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

# રાજકોટ જિલ્લાની ગ્રામ પંચાયતોની ચૂંટણીની આજે મત ગણતરી

## ૧૫૦ મતદાન મથકોના વોટિંગની ગણતરીમાં ૪૯૩ કર્મચારીઓ જોડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાની વિવિધ ગ્રામ પંચાયતોની ચૂંટણીના પરિણામ તા. ૨૫ જૂનના રોજ જાહેર થનારા છે. જિલ્લાના ૧૧ તાલુકાઓમાં ૧૫૦ મતદાન મથકો પર મતદાન થયું હતું. જેની મતગણતરી કુલ ૪૫ ટેબલ પર સવારે ૯ વાગ્યા થી કરવામાં આવશે. આ કામગીરીમાં ૪૯૩ કર્મચારીઓ જોડાશે. રાજકોટ જિલ્લાના તાલુકા પ્રમાણે જોઈએ તો ઉપલેટા તાલુકામાં ૦૭ મતદાન મથકમાં થયેલા વોટિંગની ગણતરી ટાવરવાળી તાલુકા શાળા ખાતે થશે, જેમાં ૩૮ કર્મચારીઓ જોડાશે. રાજકોટ તાલુકાના ૦૬ મતદાન મથકોની મતગણતરી રાજકોટ તાલુકા મામલતદાર કચેરી ખાતે થશે, જેમાં ૬૩ કર્મચારીઓ જોડાશે. લોધીકા તાલુકાના ૦૪ મતદાન મથકોની ગણતરી લોધીકા તાલુકા મામલતદાર કચેરી ખાતે થશે, જેમાં ૨૧ કર્મચારીઓ જોડાશે. ગોંડલ તાલુકાના ૧૫ મતદાન મથકોની ગણતરી સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે થનારી છે, જેમાં ૭૭ કર્મચારીઓ જોડાશે. તેમજ પડધરી તાલુકાના ૦૨ મતદાન મથકોની ગણતરી કવિ શ્રી દાદ સરકારી વિનયન અને વાણીજ્ય કોલેજ ખાતે થશે, જેમાં ૧૮ કર્મચારીઓ જોડાશે.

આ ઉપરાંત, ધોરાજી તાલુકાના ૧૬ મતદાન મથકોની ગણતરી ભગવતસિંહજી હાઈસ્કુલ ખાતે થશે, જેમાં ૫૯ કર્મચારીઓ જોડાશે. જામકંડોરણા તાલુકાના ૦૬ મતદાન મથકોની ગણતરી જામકંડોરણા તાલુકા મામલતદાર કચેરી ખાતે થશે, જેમાં ૧૧ કર્મચારીઓ જોડાશે. જેતપુર તાલુકાના ૧૧ મતદાન મથકોની ગણતરી જેતપુર તાલુકા મામલતદાર કચેરી ખાતે થશે, જેમાં ૬૫ કર્મચારીઓ જોડાશે. કોટડાસાંગાણી તાલુકાના ૦૨ મતદાન મથકોની ગણતરી ઠાકોરજી મુળવાજી વિનયન કોલેજ ખાતે થશે, જેમાં ૩૬ કર્મચારીઓ જોડાશે. જસદણ તાલુકાના ૪૫ મતદાન મથકોની ગણતરી જસદણ તાલુકા સેવા સદન ખાતે થશે, જેમાં ૪૪ કર્મચારીઓ જોડાશે. તેમજ વિંછીયા તાલુકાના ૩૬ મતદાન મથકોની ગણતરી વિંછીયા તાલુકા સેવા સદન ખાતે થશે, જેમાં ૬૧ કર્મચારીઓ જોડાશે.

# રાજકોટ જિલ્લાના વિવિધ ડેમોમાં નવા નીરની આવક નોંધાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં વરસાદના પગલે નવા નીરની આવક થઈ છે. ગત તા. ૨૩ના રોજ ભાદર ડેમમાં ૦૬ મી.મી., ફોફળ, ડોંડી, ખોડાપીપર, ઘેલો સોમનાથ અને માલગઢ ડેમમાં ૧૦ મી.મી., આજી - ૦૩ ડેમમાં ૨૫ મી.મી., સોડવદર, ન્યારી - ૨ અને છાપરવાડી - ૨ ડેમમાં ૨૦ મી.મી., સુરવો અને કરમાળ ડેમમાં ૦૫ મી.મી., ડોંડી ડેમમાં ૧૦ મી.મી., ન્યારી - ૨ ડેમમાં ૨૦ મી.મી. તેમજ ઈશ્વરીયા અને કર્ણુકી ડેમમાં ૧૫ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત, ભાદર ડેમમાં ૦.૦૭ ફૂટ, આજી - ૩ ડેમમાં ૧.૨૫ ફૂટ, ન્યારી - ૨ ડેમમાં ૦.૩૩ ફૂટ, ખોડાપીપર ડેમમાં ૫.૧૮ ફૂટ, છાપરવાડી - ૨ ડેમમાં ૦.૬૬ ફૂટ અને ભાદર - ૨ ડેમમાં ૦.૧૬ ફૂટ જેટલો વધારો ઊંડાઈમાં નોંધાયો છે, તેમ રાજકોટ સિંચાઈ વર્તુળ પૂર એકમની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટના મહિલા સહાયતા કેન્દ્રએ વૃદ્ધ દંપતી અને પુત્રનું કરાવ્યું સુખદ સમાધાન: હોમ વિઝીટમાં મળ્યો સુમેળભર્યો પરિવાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના મહિલા પોલીસ સ્ટેશન ખાતે થોડા દિવસો પહેલાં એક વૃદ્ધ દંપતી પોતાના પુત્ર સાથેના ઝઘડાને કારણે અલગ થવા માગતા હોવાની મુશ્કેલી સાથે પહોંચ્યા હતા.જ્યાં તેમણે મહિલા સહાયતા કેન્દ્ર (PBSC)નો સંપર્ક કર્યો હતો.મહિલા સહાયતા કેન્દ્ર (PBSC) કાઉન્સેલરની સમયસર દખલગીરીને કારણે હવે આ દંપતી સુમેળભર્યું જીવન જીવી રહ્યું છે.

આ દંપતીએ અગાઉ તેમના પુત્રથી અલગ રહેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ત્યાર બાદ મહિલા સહાયતા કેન્દ્ર (PBSC) ના કાઉન્સેલર દ્વારા તાત્કાલિક પુત્રને બોલાવી, તેને સમજાવી અને કાયદાકીય માહિતી પૂરી આપી હતી, જેના પરિણામે તેઓ વચ્ચે સમાધાન થયું હતું. આ સફળ સમાધાનની વધુ તપાસ કરવા માટે,મહિલા સહાયતા કેન્દ્ર (PBSC)ના કાઉન્સેલર બહેનો, મહિલા પોલીસ સ્ટેશનની સી-ટીમ સાથે પરિવારના ઘરે મુલાકાત માટે ગયા હતા. આ મુલાકાત દરમિયાન, વૃદ્ધ દંપતી અને તેમનો પુત્ર, પુત્રવધુ, પૌત્ર બધા સાથે રહેતા હોવાનું જાણવા મળ્યું હતું. આમ હોમ વિઝીટમાં સુમેળભર્યો પરિવાર જોવા મળતા મહિલા સહાયતા કેન્દ્ર (PBSC) ના પ્રયાસોની અસરકારકતા જોવા મળી હતી તેમ મહિલા સહાયતા કેન્દ્રની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટમાં 'સંવિધાન હત્યા દિવસ' નિમિત્તે માલવિયા કોલેજ ખાતે આજે કાર્યક્રમ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઈ.સ. ૧૯૭૫માં અમલી થયેલી કટોકટીના ૫૦ વર્ષ તા. ૨૫ જૂન, ૨૦૨૫ના રોજ પૂર્ણ થવાના સંદર્ભે ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા લોકશાહીના મૂલ્યોનું સ્મરણ કરવાના હેતુસર 'સંવિધાન હત્યા દિવસ'ની ઉજવણી કરવામાં આવનાર છે. જે અંતર્ગત ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને રાજકોટ મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે મેયરશ્રી નયનાબેન પેઢડીયાના અધ્યક્ષસ્થાને પી. ડી. માલવિયા કોલેજ ઓફ કોમર્સ ખાતે 'વક્તવ્ય' કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય સાંસદ પરસોત્તમભાઈ રૂપાલાના વરદ્‌હસ્તે કરાશે.

આ તકે સામાજીક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્યો ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો. દર્શિતાબેન શાહ, કમિશ્નર તુષારભાઈ સુમેરા, ડેપ્યુટી મેય નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેષભાઈ દિહોરા, અગ્રણીઓ ડો. માધવભાઈ દવે, ડો. ભરતભાઈ બોધરા, બિનાબેન આચાર્ય, વિરેન્દ્રસિંહ ઝાલા, અશ્વિનભાઈ મોલીયા, લીલુબેન જાદવ, મનીષભાઈ રાડીયા, લાભુભાઈ ખીમાણિયા, ટ્રસ્ટી ઘનશ્યામભાઈ હેરભા ઉપસ્થિત રહેશે.

# વિશ્વની પહેલી ભાજપા સરકાર છે કે જ્યાં ''હત્યા'' શબ્દ જોડાયો છે તેની ઉજવણી કરે છે: કોંગ્રેસ પ્રવકતા મનહર પટેલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભાજપાની કુપાત્ર સરકાર પાસે હવે ઉત્સવોના કોઈ મુદ્દા નથી રહ્યા એટલે ''હત્યા'' ની ઉજવણી કરવાની જાહેરાત કરી છે. તેમ કોંગ્રેસના પ્રદેશ પ્રવકતા મનહર પટેલે જણાવ્યું હતું.

મોદી સરકારની મનસ્વી અને ભ્રષ્ટ વહીવટથી દેશમાં છેલ્લા ૧૧ વર્ષથી અઘોષિત ઈમરજન્સીનો જનતા ભોગ બની રહી છે, રોજ સંવિધાનના ધજીયા ઉડી રહ્યા છે એજ ભ્રષ્ટ ભાજપા સંવિધાન હત્યા દિવસની ઉજવણીના આદેશ કરે જે શરમ જનક છે. તેઓએ જણાવ્યું હતું કે, ભારત પહેલો દેશ છે કે કોઈ ''હત્યા'' ની ઉજવણી સરકારી તંત્ર પાસે શૈક્ષણિક સંસ્થાઓ પાસે કરાવીને બૌદ્ધિક ઝેર ફેલાવવાનુ કામ કરતો હોય. સંવિધાન દિવસે સંવિધાનને મજબૂતાઈના વાઘા પહેરાવીને તેના થકી જનતાને તેના અધિકારોથી સુરક્ષિત કરવાનો વિચાર કરવાને બદલે ભાજપાની કુપાત્ર સરકાર સંવિધાન હત્યા દિવસની ઉજવણીના ઓઠા નીચે જનતાને જોતરીને સંવિધાનના ખરેખર અધિકારોથી વંચિત રાખવાનુ કારસ્તાન સફળ બનાવવાનો આ પરિપત્ર છે.

# અષાઢી બીજની રથયાત્રા અન્વયે ૨૬-૨૭ જૂને સદર, ફૂલછાબ ચોક વગેરે સ્થળોએ વાહનોની પ્રવેશબંધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી તા.૨૭/૦૬/૨૦૨૫ના રોજ અષાઢી બીજ પર્વ નિમિત્તે યોજાનાર રથયાત્રા શ્રી જગન્નાથ મંદિર કૈલાસ ધામ આશ્રમથી શરૂ થઈને નાનામૌવા ગામ, મોક્કાજી સર્કલ, વૃંદાવન સોસાયટી મેઈન રોડ, ન્યારા સંપ કાલાવડ રોડ, નીલ દા ધાબાથી પુષ્કર ધામ મેઈન રોડ, જે.કે.ચોક, આકાશવાણી ચોક, યુનિવર્સિટી રોડ, સાધુવાસવાણી રોડ ટી-પોઈન્ટ એચ.પી. પેટ્રોલ પંપથી સાધુવાસવાણી રોડ, આલાપ ગ્રીન સીટીથી રૈયા રોડ, બાપાસીતારામ ચોક, રૈયા ચોકડી, હનુમાન મઢી ચોક, આઝાદ ચોક, આમ્રપાલી અંડર બીજ, કિશાનપરા ચોક, જીલ્લા પંચાયત ચોક, ફુલછાબ ચોક, સદર બજાર મેઈન રોડથી સદર પોલીસ ચોકી, હરીહર ચોક, લીમડા ચોક એસ.બી.આઈ. ટી-પોઈન્ટ, ત્રીકોણ બાગ ચોક, ઢેબર ચોક, સાંગણવા ચોક, રાજેશ્રી સીનેમા, ભુપેન્દ્ર રોડ, શ્રી સ્વામીનારાયણ મંદિરથી ભૂપેન્દ્ર રોડ ટી-પોઈન્ટ પેલેસ સેડ, ગુંદાવાડી પોલીરા ચોકી, કેનાલ રોડ બોમ્બે આર્યન થી કેવડાવાડી મેઈન રોડ, પવનપુત્ર ચોક, સોરઠીયાવાડી સર્કલ. કોઠારીયા રોડ મેઈન રોડ, સુતા હનુમાન, નીલકંઠ ટોકીઝ, દેવપરા ચોક, આંબેડકર ભવનથી સહકાર મેઈન રોડ, ત્રીશુલ ચોક, ઢેબર કોલોની, ઢેબર રોડ પી.ડી.એમ. ફાટક થઈ પી.ડી.એમ. કોલેજ થઈ સ્વામીનારાયણ ચોક, કૃષ્ણનગર મેઈન રોડ, આનંદ બંગલા ચોક, મવડી મેઈન રોડ, મવડી ફાયર બ્રીગેડથી માયાણી ચોક, રાજનગર ચોકથી, નાના મૌવા મેઈન રોડ, નાના મૌવા સર્કલ, પ્રતિલોક પાર્ટી પ્લોટ, અજમેરા શાસ્ત્રીનગર, નાના મૌવા ગામ થી કૈલાસ ધામ નીજ મંદિર ખાતે પરત આવી પૂર્ણ થશે.

રથયાત્રા ફુલછાબ ચોકથી સદર બજારમાંથી પસાર થઈ સદર પોલીસ ચોકી તરફ પસાર થશે જેથી ઈન્ચાર્જ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા દ્વારા તા.૨૬/૦૬/૨૦૨૫ અને તા.૨૭/૦૬/૨૦૨૫ સુધી દિન-૦૨ દરમિયાન સદર બજાર પોલીસ ચોકીથી ખોડીયાર હોટલ સુધી તથા ફુલછાબ ચોકથી સદર પોલીસ ચોકી સુધી તમામ વાહનો માટે ૯ થી ૨૧ કલાક સુધી પ્રવેશ બંધ જાહેર કરવામાં આવ્યો છે.

આ આદેશો અષાઢી બીજની રથયાત્રામાં રહેલ વાહનો અને સરકારી વાહનોને, ફરજ પરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ, શબવાહીની, ફાયર બ્રિગેડના વાહનો તેમજ સરકારી વાહનોને આકસ્મીક સંજોગોમાં લાગુ પડશે નહીં.આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

# ગોંડલમાં બાળકીને કુતરાએ બચકા ભર્યા; ડોકટરના વાંકે એક કલાક કણસી

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ માં કુતરા કરડવાનો ભોગ બનેલી માશુમ બાળકીને હોસ્પિટલ ખસેડાતા ગોંડલ સિવિલ હોસ્પિટલ માં ડોકટરોની બેદરકારી સામે આવી છે. ગોંડલ માં મજુર પરિવારની બાળકી હેતલ મુકેશભાઈ ભુરીયા ઉ.૩ ને કૂતરાએ મોઢા તથા પીઠ પર બચકા ભરતા લોહી લુહાણ હાલત-માં સારવાર માટે ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી જ્યાં બપોરના ૪ વાગ્યાથી ડોકટર ચેમ્બરની બહાર દર્દના મારી કણસી રહેલ બાળકી સારવાર માટે તેમના



પરિવાર જોડે બેઠી હતી. પરંતુ સિવિલ હોસ્પિટલનાં સર્જન ડોકટર હર્ષ હિરપરા બપોર ના ૪ થી ૬ તેમની ચેમ્બર ફરજ પર હોવાને બદલે ચેમ્બરમાં તાળા જોવા મળતા પરિવારજનો હેરાન પરેશાન થયા હતા. દરમ્યાન જાગૃત નાગરિક દ્વારા અધિક્ષકને ફોન કરી જાણ કરતા અધિક્ષકે ફરજ પરના ડોકટરને ફોન કરી ઉધળા લેતા ડોકટર પાંચ વાગ્યે ફરજ પર આવ્યા હતા.આમ એક કલાક સુધી માશુમ બાળકી સારવાર વગર રડતી રહી હતી. ગોંડલ ની સિવિલ હોસ્પિટલ માં ચાલતા અંધેર વહીવટ અને દર્દીઓ ની પરેશાની અંગે અનેકવાર ઉચ્ચ કક્ષાએ રજુઆતો થતી રહેછે.પરંતુ તંત્ર અંધેરનું અંધેર જ રહેવા પામ્યું છે.

# રાજકોટમાં એસટી બસના ચાલકે સ્કૂટરને ઠોકર મારતા વૃધ્ધ ઘવાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આજીડેમ બાયપાસ હાઈવે પર અમુલ સર્કલ પાસે એસટી બસના ચાલકે મોપેડ સવાર વૃધ્ધને અડફેટે લેતા વૃધ્ધને ગંભીર ઈજા થતા સારવાર માટે સિંવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. દુધસાગર રોડ પર રહેતા વૃધ્ધ આજીડેમ ચોકડી નજીક મોગલમાના મંદિર દર્શન કરવા જતા હતા ત્યારે અકસ્માત નડયો હતો.

જાણવા મળતી વિગત મુજબ દુધસાગર રોડ પર શકિત સોસાયટી શેરી નં.૨માં રહેતા વલ્લભભાઈ દશરથ ભાઈ દેસાણી (ઉ.વ.૬૨)નામના વૃધ્ધ સવારે પોતાનુ મોપેડ લઈ આજીડેમ ચોકડી નજીક આવેલા મોગલધામ મંદિરે દર્શન કરવા જતા હતા. ત્યારે ૮૦ ફૂટ રોડ પર અમુલ સર્કલ પાસે પહોંચતા રાજકોટ-ભાવનગર રૂટની એસટી બસના ચાલકે આજીડેમ ચોકડી પાસે મોગલમાના



મંદિરે દર્શને જતા વૃદ્ધને નડ્યો અકસ્માત મોપેડને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં વૃધ્ધને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા થઈ હતી. જેથી એસટી બસના ચાલક દ્વારા તાત્કાલીક ૧૦૮ને ફોન કરી ઈજાગ્રસ્ત વૃધ્ધને સારવાર માટે સિવિલ હોસ્પિટલમા ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં વૃધ્ધ ચાર ભાઈ ત્રણ બહેનમાં વચેટ અને તેઓ દરજી કામ કરે છે. તેમને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યુ છે. તેઓ દર મંગળવારે મોગલમાના મંદિરે દર્શન કરવા જાય છે. જેથી મંગળવાર હોવાથી દર્શન માટે જતા હતા ત્યારે અકસ્માત નડ્યો હતો.

# પરાપીપળીયા ફાટક પાસે રસ્તો ઓળંગતા યુવકનું કાર હડફેટે મોત

## અકસ્માત સર્જી નાસી છૂટેલા અજાણ્યા કાર ચાલકની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે જામનગર રોડ પર પરાપીપળીયા ફાટક પાસે હીટ એન્ડ રનની ઘટના સામે આવી હતી. જેમાં રસ્તો ઓળંગતા યુવાનને અજાણ્યો કાર ચાલક હડફેટે લઈ ફરાર થઈ જતાં ગંભીર રીતે ઘવાયેલા યુવાનને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં તેનું મોત નિપજ્યું હતું. આ અંગે ગાંધીગ્રામ પોલીસે જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

મુળ બોટાદના રાણપુરના વતની અને હાલ પરાપીપળીયા ફાટક પાસે ઝુંપડપટ્ટીમાં રહેતાં રાજુભાઈ ચંદુભાઈ રાઠોડ (ઉ.૪૫) બપોરે પરાપીપળીયા ફાટક પાસે રસ્તો ઓળંગતા હતાં ત્યારે પુરપાટ ઝડપે આવતાં અજાણ્યા કાર ચાલકે તેમને હડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જી કાર ચાલક નાસી છુટયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા રાજુભાઈને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જો કે સારવાર મળે તે પહેલા જ તેનું મોત નિપજ્યું હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં પોલીસે હોસિપટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી અકસ્માત સર્જી નાસી છુટેલા કાર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં મૃતક રાજુભાઈ ચાર ભાઈ નવ બહેનમાં મોટા અને જુના કપડાનો ધંધો કરતાં હતાં. તેમને સંતાનમાં એક પુત્ર અને ત્રણ પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવથી પરિવારજનોમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

# રિંગ રોડ પર પાટીદાર ચોક પાસે નવનિર્મિત બિલ્ડીંગના ત્રીજા માળેથી પટકાતા યુવકનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર નવા બનતા બિલ્ડિંગમાં મજૂરી કરતો મૂળ ઓરીસ્સાનો શ્રમિક ત્રીજા માળેથી નીચે પટકાતા તેનું મૃત્યુ નિપજ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ, નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર પાટીદાર ચોક પાસે નવા બનતાં જૈન ગાર્ડન બિલ્ડિંગમાં મજૂરી કામ કરતો અને બિલ્ડિંગ પાસે રહેતો અભિમન્યુ પ્રેમ મુકુરા ઉર્ફે રૂતુભાઈ નામનો ૩૫ વર્ષનો યુવાન બપોરે બિલ્ડિંગમાં ત્રીજા માળે સેન્ટીંગનું કામ કરી રહ્યો હતો. ત્યારે અકસ્માતે ત્રીજા માળેથી નીચે પહેલા મૂળે પટકાતા ગંભીર ઈજા થતાં ૧૦૮ બોલાવાઈ હતી. જેના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. મૂળ ઓરીસ્સાનાં યુવાનનાં પ્રથમ લગ્ન બાદ છુટાછેડા થઈ ગયા હતાં. બાદમાં બીજા લગ્ન કર્યા હતાં. તાલુકા પોલીસે વધુ તપાસ જારી રાખી છે.


MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# થોરાળા, કુબલીયાપરા સહિતના વિસ્તારોમાં દેશી દારૂની ભઠ્ઠી અને જુગારના પાટલાના મહિને ૨૦થી ૨૫ હજારનો ભાવ...!

## ભુતકાળમાં ગરીબ પોલીસ સ્ટેશન કહેવાતું પોલીસ સ્ટેશન હાલ અમીરીની હરોળમાંઃ ગેરકાયદે ધંધાઓમાંથી લાખોની કમાણી થતી હોવાની બુમઃ પોલીસને બખ્ખા







**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર પોલીસ વિભાગમાં ભૂતકાળમાં થયેલો ગણગણાટ મુજબ કોઇ અધિકારીને કે પોલીસમેનને સજાના સ્વરૂપમાં થોરાળા પોલીસ સ્ટેશનમાં બદલી કરવામાં આવતી હોય તેવી અગાઉ અનેકવાર ચર્ચાઓ થઇ છે અને આ પોલીસ સ્ટેશન ભૂતકાળમાં ગરીબી રેખા હેઠળ હોય તેવું પોલીસ બેડામાં માનવામાં આવી રહ્યું હોય એવી ચર્ચાઓ પણ સાંભળવામાં આવી છે. પરંતુ વર્તમાન સમયમાં પછાત ગણાતા વિસ્તારોમાં સત્તાપક્ષ કે વિપક્ષ ચૂંટણી સમયે મત માંગવા માટે ગરીબ પ્રજા પાસે મતની ભીખ માંગી તેઓને સુંદર સપના દેખાડવાના વાયદાઓ કર્યા બાદ ચૂંટણી પૂર્ણ થયા બાદ કયારેય ડોકયુ પણ કરતા ન હોય આ સ્લમ વિસ્તારોમાં શું ચાલી રહ્યું છે. તે અંગે કોઇ ધ્યાન આપવામાં આવતું ન હોય આવા સંજોગોમાં સ્થાનિક પોલીસ પણ રાજકીય દખલ અંદાજી ન હોય જેથી મન પડે તેવું વર્તન અને કાર્ય કરવાનું શરૂ કરી દે છે.

થોરાળા, કુબલીયાપરા, ચુનારાવાડ, આજીનદીનો કાંઠો, ગંજીવાડા, આજીડેમ બાયપાસ રોડ પર આવેલ ઝુપડપટ્ટી સહિતના અનેક વિસ્તારોમાં દારૂ-જુગારના હાટડા પુરજોશમાં ચાલી રહ્યા છે. પરંતુ પોલીસના ઉચ્ચ અધિકારીઓ કે સત્તાધારી પક્ષ કે વિપક્ષના કોઇ નેતાના ધ્યાને આ બધી નજરે ન પડતી હોય તેવું લાગી રહ્યું છે. બીજી બાજુ સ્થાનિક પોલીસ પણ આ વર્તમાન સમયનો ભરપુર લાભ ઉઠાવી રહી હોય તેવી ચર્ચાઓ વહેતી થઇ છે.

થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારની હદમાં અઢળક ગેરકાયદે ધંધાઓ પોલીસની મીલીભગતથી બેફામ પણે ચાલી રહ્યા હોવાની ચર્ચાઓ થઇ રહી છે અને તમામ ધંધાઓમાં પોલીસના ત્રણ મીંડાથી લઇ પાંચ મીંડા સુધીના સેટીંગ કરેલા ધંધા બાંધેલા હોવાની પણ ચર્ચાઓ છડે ચોક થઇ રહી છે. દેશી દારૂની ભઠ્ઠીના એક બુટલેગર પાસેથી મહિને ૨૦ હજાર તથા બીટ જમાદાર, પીસીઆરને અલગથી હપ્તો આપવાનો હોય અને જુગારના પાટલામાં એક પંટર પાસેથી મહિને ૨૫ હજાર જેવી માતબર રકમનો મસમોટો હપ્તો બાંધવામાં આવ્યો હોય તેવી ચર્ચાઓ સાંભળવા મળી રહી છે.

આ જોતા તો ભૂતકાળમાં જે પોલીસ સ્ટેશન ગરીબી રેખાની હરોળમાં આવતું હતું તે વર્તમાન સમયમાં અમીરીની હરોળમાં આવી ગયું હોય અને હાલના સ્ટાફને બે હાથમાં ઘી કેળા હોય તેવો ઘાટ જોવા મળી રહ્યો છે.

# ગુન્હાહીત ઈતિહાસ ધરાવતો ભીલવાસનો શખ્સ પાસામાં સુરત જેલમાં ધકેલાયો

## રાજકોટ જીલ્લા જેલમાંથી પેરોલ જંપ કરનાર કેદી એક વર્ષ બાદ ઝડપાયોઃ બાઇક ચોરીના ગુન્હામાં ફરાર તસ્કરને દબોચી લેતી ક્રાઇમ બ્રાન્ચ









**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભીલવાસમાં રહેતા અને ગુન્હાહીત ઈતિહાસ ધરાવતા શખ્સને પ્ર.નગર પોલીસે દબોચી લઇ પાસામાં સુરત જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

આ અંગેની માહિતી મુજબ પ્ર.નગરના પીઆઇ વી.આર.વસાવાની સુચનાથી પીએસઆઇ આર.કે.ગોહિલ, એ.એસ.આઇ રવિભાઇ, હેડ કોન્સ. જયંતિભાઇ સહિતના સ્ટાફે ઇગુજકોક પ્રોજેકટની મદદથી ગુન્હાહીત ઈતિહાસ ધરાવતા શખ્સો સામે કાર્યવાહી શરૂ કરી હોય તે દરમ્યાન ભીલવાસમાં રહેતો કરણ ઉર્ફે કડો દિનેશ ઝીંઝુવાડીયા નામના શખ્સનો ગુન્હાહીત ઈતિહાસ ચેક કરી અટકાયતમાં લઇ તેની પાસાની દરખાસ્ત તૈયાર કરી વડી કચેરીએ મોકલાવતા અને તેના પર શહેર પોલીસ કમિશનરે મહોર લગાવી દઇ પાસાનો વોરંટ ઇશ્યુ કરતા પોલીસે વોરંટની બજવણી કરી આ કરણ ઉર્ફે કડો ઝીંઝુવાડીયાને સુરત જેલમાં પાસામાં ધકેલી દેવામાં આવ્યો છે.

બીજા બનાવમાં રાજકોટ મધ્યસ્ત જેલમાંથી પેરોલ જમ્પ કરી એક વર્ષથી નાસતોફરતો રાયધન ગોવિંદ ડાંગર (રહે. સામખરીયાળી એમ.આર.ગઢવી હાઉસ પાછળ કૃષ્ણનગર જંગી રોડ જિલ્લો-કચ્છ) પાકા કામનો કેદી ધરમનગર આવાસ યોજના કવાર્ટર પાસે હાજર હોવાની હકીકત મળતા ગાંધીગ્રામ-૨ યુની. પોલીસના પીઆઇ એચ.એમ.પટેલની સુચનાથી પીએસઆઇ વી.જી.ડોડીયા, કોન્સ. દિવ્યરાજસિંહ, મૈસુરભાઇ સહિતના સ્ટાફે ઉપરોકત સ્થળે દોડી જઇ ધારેશ્વર મંદિર પાસેથી પેરોલ જમ્પ કરનાર પાકાકામનો કેદી રાયધન ડાંગરને દબોચી લઇ રાજકોટ જીલ્લા જેલને હવાલે કર્યો છે.

જયારે પ્ર.નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં અગાઉ ચોરીના ગુન્હામાં નાસ્તો ફરતો મુર્તઝા હુશેન લોખંડવાલા (રહે. મોરબી મુલ્લા શેરી, નાની બજાર હાલ સદરબજાર) નામના તસ્કરને ક્રાઇમ બ્રાન્ચના હેડ કોન્સ. જયદેવસિંહ તથા અર્જુનભાઇ, પ્રશાંતભાઇ સહિતના સ્ટાફે બાતમીના આધારે ચોરાઉ બાઇક સાથે દબોચી લઇ વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના તત્કાલીન PI, બે PSI અને કોન્સ્ટેબલ સામે ગુનો નોંધવા કોર્ટનો હુકમ

## ૧ વર્ષ પૂર્વે બૂટલેગરને માર મારવા મુદ્દે થયેલી અરજીમાં અદાલતનો મહત્વનો ચુકાદો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના બી-ડીવીઝન પોલીસ તુજે પીએસઆઈ સામે ૧૦ વર્ષ પૂર્વે બુટલેગરને માર મારવા અંગે કોર્ટમાં થયેલી ફરિયાદ બાદ આ અંગે ન્યાયધીશ આર.આર.મિસ્ત્રીએ બી-ડીવીઝન પોલીસ મથકના તત્કાલીન પીઆઈ તથા બે પીએસઆઈ અને કોન્સ્ટેબલ સામે ૩૨૩ અને ૧૧૪ મુજબ ગુનો નોંધવા હુકમ કરતાં પોલીસ બેડામાં સોંપો પડી ગયો છે.

આ અંગે ની મળતી માહિતી મુજબ, રાજકોટનાં સામાકાંઠા વિસ્તારમાં રહેતાં પ્રતિક દિલીપ ચંદારાણાને વર્ષ ૨૦૧૫માં બી-ડીવીઝન પોલીસે ધરપકડ કર્યા બાદ તેને બેફામ માર માર્યો હતો. આ મામલે પ્રતિક ચંદારાણાએ રાજકોટ કોર્ટમાં તત્કાલીન પીઆઈ પંડયા તથા પીએસઆઈ ચૌહાણ, પીએસઆઈ મારૂ અને કોન્સ્ટેબલ મહેશ મઢ સામે અરજી કરી હતી. જે અંગે કોર્ટે તપાસના આદેશ આપ્યા હતાં. ૧૦ વર્ષ પૂર્વેના આ કેસમાં રાજકોટ કોર્ટના ન્યાયધીશ આર.આર.મિસ્ત્રીએ પીઆઈ પંડયા તથા પીએસઆઈ ચૌહાણ, પીએસઆઈ મારૂ અને કોન્સ્ટેબલ મહેશ મઢ સામે ૩૨૩ અને ૧૧૪ મુજબ ગુનો નોંધવા આદેશ કર્યો છે. દારૂ સહિતના ગુનામાં સંડોવાયેલા પ્રતિક ચંદારાણાને વર્ષ ૨૦૧૫માં બી ડીવીઝન પોલીસે દારૂ સાથે ઝડપી લીધા બાદ તેને બેફામ માર માર્યો હતો. આ મામલે કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૫ના કેસની અરજીની સુનાવણી ન્યાયધીશ આર.આર. મિસ્ત્રીની કોર્ટમાં થઈ હતી. જે મામલે ફરિયાદીએ કરેલી ફરિયાદને આધારે અને વકીલે કરેલી દલીલને ધ્યાને લઈ ન્યાયાધીશ આર.આર.મિસ્ત્રીએ પીઆઈ અને બે પીએસઆઈ તેમજ કોન્સ્ટેબલ સામે ગુનો નોંધવા હુકમ કર્યો હતો. અત્રે એ વાત ઉલ્લેખનીય છેકે ગઈકાલે પણ બી ડીવીઝન પોલીસ મથકના તત્કાલીન પોલીસમેન પ્રતાપસિંહ મૌયા અને કિશન આહીર સામે ગુનો નોંધવા કોર્ટે હુકમ કર્યા બાદ આજે તત્કાલીન પીઆઈ, પીએસઆઈ અને કોન્સ્ટેબલ સામે ગુનો નોંધવા આદેશ કરતાં પોલીસ બેડામાં ભારે ચર્ચા જાગી છે.

# મોરબી રોડ પર બાંધકામ સાઈટ પર એક વર્ષની બાળાને બોલેરોએ કચડી નાખી

## જનેતાએ વરસતા વરસાદમાં પુત્રીને કાર પાસે સુવડાવી સિમેન્ટની થેલી ઓઢાડી દીધા બાદ શેઠે ભૂલથી કાર ચલાવતા ઘટી ઘટના



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ પર બાંધકામ સાઈટ પર કામ કરતી જનેતાએ વરસતા વરસાદથી બચાવવા એક વર્ષની માસુમ પુત્રીને શેઠની બોલેરો કારની આગળની સાઈડ સુવડાવી હતી અને તેના ઉપર સિમેન્ટની ખાલી થેલીઓ ઓઢાળી દીધી હતી. શેઠે જાણ બહાર બોલેરો કાર હંકારતા માસુમ બાળકી પર બોલેરોનું ટાયર ફરી વળતાં મોત નિપજ્યું હતું. માસુમ બાળકીના મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ, મોરબી રોડ ઉપર અમીધારા સોસાયટીની બાજુમાં ઝુંપડપટ્ટીમાં રહેતાં અને બાજુમાં જ બાંધકામની બીસાઈટ પર મજુ મજુરી કામ કરતાં મધ્યપ્રદેશના પરિવારની ક્રિષ્ના અબલાબાઈ મેડા નામની એક વર્ષની માસુમ બાળકી ઉપર શેઠ સુખાભાઈ મેણંદભાઈ ચાવડાની બોલેરો માથે ફરી વળતાં માસુમ બાળકીનું તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં માસુમ બાળકીનું મોત નિપજતાં શ્રમિક પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

પ્રાથમિક પુછપરછમાં મૃતક બાળકી બે બહેનોમાં નાની હતી. જનેતાએ બાંધકામ સાઈટ પર વરસાદથી બચાવવા એક વર્ષની પુત્રીને શેઠની બોલેરો કારની આગળની સાઈટ સુવડાવી હતી અને તેની માથે સિમેન્ટની ખાલી થેલીઓ ઓઢાળી દીધી હતી તે દરમિયાન કોન્ટ્રાક્ટર યોગેશભાઈએ સિમેન્ટની થેલીઓ મુકવાની હોવાથી બોલેરો હટાવવાનું કહેતા શેઠ સુખાભાઈ ચાવડા પોતાની જાણ બહાર બોલેરો હટાવવા જતાં નિંદ્રાધીન માસુમ બાળકી પર ટાયર ફરી વળતાં મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# છૂટાછેડા બાદ પૂર્વ પતિએ ત્યકતા સાથે પુત્રની દેખરેખ માટે મેત્રી કરાર કરી દુષ્કર્મ આચર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના હાર્દસમા વિસ્તારમાં રહેતી ત્યકતા પર પૂર્વ પતિએ છૂટાછેડા આપી દીધા બાદ પણ મૈત્રી કરાર કરી સાથે રહી દુષ્કર્મ આચર્યાની ફરીયાદ ગાંધીગ્રામ-૨ યુની. પોલીસમાં નોંધાઇ છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ મોરબીના કેનાલ રોડ પર સનરાઇઝ વિલામાં રહેતો અને હાલ રાજકોટમાં ગંગોતરી પાર્ક મેઇન રોડ પર વિવાતા-અજંતા એપાર્ટમેન્ટમાં રહેતો ધિરેન ભુદર માકાસણા નામના શખ્સ વિરૂધ્ધ તેની પૂર્વ પત્નીએ ગાંધીગ્રામ-૨ યુની. પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે, અગાઉ ત્યકતાએ પૂર્વ પતિ ધિરેન સાથે લગ્ન થયા હોય અને છૂટાછેડા થઇ ગયા હતા. તેના ત્રણ વર્ષના પુત્રની દેખરેખ કરવા માટે ગઇ તા.૧૭-૧૨-૨૦૨૪ના લીવઇન રીલેશનશીપનો કરાર કર્યો હતો. જે મૈત્રી કરારનો લાભ લઇ ધિરેને ત્યકતાની મરજી વિરૂધ્ધ તેના ઘરમાં અવાર-નવાર શરીર સંબંધ બાધી દુષ્કર્મ આચરતો હતો અને ત્યકતા આનો ઇન્કાર કરે તો તેના પુત્રને મારી નાખવાની ધમકી આપતો હોવાની ફરીયાદ નોંધાવતા પીએસઆઇ બી.એસ.ચૌહાણે પૂર્વ પતિ ધિરેન માકાસણા સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બે માસ પૂર્વે સગીરાને ભગાડી જનાર યુપીનો શખ્સ ઝડપાયોઃ દુષ્કર્મની કલમનો ઉમેરો

## પોલીસે પોકસો અને અપહરણ હેઠળ કાર્યવાહી કરી આરોપીને પકડી પાડયો, સગીરા પરિવારને સોંપી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ વિસ્તારમાં રહેતાં એક પરપ્રાંતીય મજૂર પરિવારની છઠ્ઠા ધોરણમાં ભણતી ૧૪ વર્ષની દિકરી બે મહિના પહેલા ગૂમ થઈ જતાં પરિવારજનોએ અપહરણની ફરિયાદ નોંધાવી હતી. દિકરીને કોણ ઉઠાવી ગયું તેની પરિવારજનોને પણ ખબર નહોતી. દરમિયાન આ બનાવની માલવીયાનગર પોલીસે તપાસ કરતાં બાળકીને મુળ યુપીનો શખ્સ ઉઠાવી ગયાની માહિતી મળતાં પોલીસની ટીમ ત્યાં સુધી પહોંચી હતી અને આરોપી ૨૬ વર્ષના શખ્સને દબોચી લીધો હતો. તેની સાથે સગીરા પણ હોઈ તેને રાજકોટ લાવી વાલીને સોંપી હતી. સગીરા સાથે આ ઢગાએ દૂષ્કર્મ પણ આચર્યું હોઈ પોક્સો હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

માલવીયાનગર પોલીસે આ બનાવ અંગે અપહ્રત બાળાના પિતાની ફરિયાદ પરથી ગત ૨૮/૪/૨૫ના રોજ ગુનો દાખલ કર્યો હતો. આ ગુનામાં મુળ ઉત્તરપ્રદેશ બલરામપુરના મુરીહવા ગામના અને હાલ રાજકોટ રહી ટ્રાન્સપોર્ટમાં નોકરી કરતાં પીન્ટુ રાજુભાઈ રાણા (ઉ.વ.૨૬)ને ઝડપી લીધો છે. તે ૧૪ વર્ષની સગીરાનું અપહરણ કરી તેના વતન યુપી પહોંચી ગયો હતો. શરૂઆતમાં અજાણ્યા આરોપી વિરૂધ્ધ ગુનો નોંધાયો હોઈ પોલીસે અલગ અલગ ટીમો બનાવી સીસીટી કેમેરા ચેક કરવા ઉપરાંત હ્યુમન અને ટેકનીકલ સોર્સની મદદ લીધી હતી. એ દરમિયાન પાક્કી માહિતી મળી હતી કે ગોંડલ રોડ ગીતાનગર વિસ્તારમાં રહી ટ્રાન્સપોર્ટમાં કામ કરતો મુળ યુપીનો પીન્ટુ રાણા પણ સગીરા ગૂમ થઈ ત્યારથી ગૂમ છે. આને આધારે લિંક મેળવી તપાસ આગળ ધપાવતાં સગીરાને પીન્ટુ જ ભગાડી ગયાનું અને હાલ તે યુપીમાં તેના વતનમાં હોવાની પાક્કી માહિતી મળી હતી.

પોલીસની ટૂકડી યુપી પહોંચી હતી અને પીન્ટુને દબોચી લીધો હતો. સાથે સગીરા પણ હોઈ બંનેને રાજકોટ લાવવામાં આવ્યા હતાં. બાળાની પુછતાછમાં એવી વિગતો ખુલી હતી કે તેણીને પ્રેમજાળમાં ફસાવીને પીન્ટુ ભગાડી ગયો હતો. તેણી સાથે વારંવાર દુષ્કર્મ પણ આચર્યું હોઈ પોલીસે પોક્સો હેઠળ અલગથી કલમ ઉમેરી હતી. તબિબી પરિક્ષણ બાદ સગીરાને તેના વાલીને સોંપી આરોપીને કોર્ટમાં રજૂ કરવા તજવીજ કરી હતી. આ શખ્સ અપરિણીત છે.

# રોધેલ ગામની કિંમતી જમીન પ્રકરણ માં રીવીઝન અરજી પહેલી મુદતે નામંજુર કરતા કલેકટર

## જામકંડોરણા તાલુકાના રોધેલ ગામની કિંમતી જમીન વર્ષો પહેલા વેચાણ થઈ ગયેલ હોવા છતા વારસદારો દ્વારા વારસાઈ તથા વેચાણની નોંધ રદ કરવાના નાયબ કલેકટર ના હુકમ સામે ડીલે.કોન્ડોનેશન અંગે થયેલ રીવીઝન અરજી પહેલી મુદતે નામંજુર કરતા કલેકટર







**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામ કંડોરણા તાલુકાના રોધેલ ગામની સર્વે નં.-૬૭ ની જમીન એકર ૬-૨૪ ગુંઠા જમીન સાંથણીદાર તરીકે અબ્દુલા ખુદાબક્ષને મળેલ હતી જે જમીનમાં તેમના કાયદેસરના વારસો (૧) શેરબાનુ અબ્દુલા તથા (૨) અનવર અબ્દુલાના ખાતે ડેપ્યુટી કલેકટરના ના હુકમ મુજબ નોંધ નં.-૨૭૩૮ થી દાખલ કરવામાં આવેલ હતી ત્યારથી આ જમીન તેમની માલીકી તથા કબજા ભોગવટાની આવેલ.

આ અગાઉ આ જમીનમાં સાંથણી અંગે દાખલ કરવામાં આવેલ નોંધ નં.-૧૭૭૦ તથા સાંથણીદાર ગુજરી જતા તેના ઉપરોકત વારસદારો ના નામે દાખલ થયેલ નોંધ નં.-૧૮૬૧ તથા આ કામે સદરહુ જમીનમાં નાયબ કલેકટર સમક્ષ ચાલેલ અપીલ કેશ નં.-૧૬/૨૦૦૧ ના કામે હુકમ નોંધ દાખલ કરી ઉપરોકત સાંથણીદારના વારસદારોના નામે આ જમીન દાખલ કરવામાં આવેલ હતી. જે જમીન તેઓએ સને ૨૦૦૪ માં કાયદેસર રીતે વેચાણ કરી આપેલ હતુ તેથી આ જમીન અંગે કોઈપણ જાતનો વિવાદ ચાલતો ન હતો પરંતુ ઉપરોકત વારસાઈ નોંધ નં.-૧૮૬૧ ની સામે અબ્દુલા ખુદાબક્ષના કહેવાતા અન્ય વારસદાર આઈશાબેન અબ્દુલ મકરાણી તથા રૂકીયા અબ્દુલ મકરાણીએ આ નોંધ રદ કરવા માટે નાયબ કલેકટર ધોરજી સમક્ષ અપીલ નં.-લેન્ડ - અપીલ-દા.સુ. નં.-૨૪/૦૫-૦૬ દાખલ કરતા નાયબ કલેકટર ધ્વારા આ અપીલ તા.૪/૦૬/૨૦૦૭ ના રોજ નામંજુર કરેલ છે.

તેથી આ ઉપરોકત કહેવાતા વારસદારોના વારસદાર ધ્વારા દિલાવરભાઈ કાસમભાઈ બ્લોચ ઉપરોકત જમીનમાં ખોટી રીતે વાંધા-તકરાર ઉભા કરવા માટે ૧૮ વર્ષ પહેલા નાયબ કલેકટર ધોરાજી ધ્વારા જે અપીલ નામંજુર કરવામાં આવેલ હતી તેની સામે કલેકટર રાજકોટ સમક્ષ લેન્ડ/રીવીઝન-૧૦૮(૬) કેશ નં.-૧૪/૨૦૨૫ થી રીવીઝન અરજી દાખલ કરી સાથે ડીલેકોન્ડોનેશન અરજી કરેલ જેની સામે સામાવાળા વતી તેમજ હાલના ખરીદનાર જમીન માલીક વતી એડવોકેટ ભાવેશ રંગાણી, વિશાલ ગીણોયા તથા ઈશાન ભટ્ટ રોકાયેલ હતા અને જેઓએ આ કામે વાંધેદારની ડીલેકોન્ડોનેશન અરજી મંજુર કરવા સામે કાયદાકીય જોગવાઈઓને આધીન દલીલ કરેલ તેમજ દસ્તાવેજી પુરાવા તથા નામદાર હાઈકોર્ટ તેમજ સુપ્રિમ કોર્ટના જજમેન્ટ રજુ કરેલ જેના આધારે વાંધેદારની ડીલે. અરજી રાજકોટના તત્કાલીન કલેકટર પ્રભવ જોષી એ પહેલી જ મુદતે પોતાના હુકમના તારણોમાં સ્પષ્ટતા કરતા કહેલ કે આ રીવીઝન અરજી વાંધેદાર ધ્વારા ૧૭ વર્ષ ૯ માસ અને ૧૧ દિવસ બાદ રજુ કરવામાં આવેલ હોય તેમજ સામાવાળાની દલીલ તથા પુરાવા ધ્યાને લેતા આ વિલંબ કાયદાકીય રીતે માફ કરી શકાય તેમ ન હોય તેથી આ રીવીઝન એપ્લીકેશન રદ કરવામાં આવેલ છે. તેમજ કેશ રજીસ્ટરેથી કમી કરવા હુકમ કરેલ છે.

આ કામે સામાવાળાના એડવોકેટ તરીકે ભાવેશ રંગાણી, વિશાલ ગીણોયા તથા ઈશાન ભટ્ટ રોકાયેલ હતા.